JAIN KRANTI
# જૈન ક્રાંતિ
Vol. 16 | Issue 7 | Mumbai | November - 2025| Price Rs. 5/- | Pages : 40

# વચનની શુદ્ધિ
# એક
# આત્મ પુરુષાર્થ!
# જે અપાવે
# વચનની સિદ્ધિ!



# નૂતન વર્ષ... સંકલ્પ વર્ષ... અવસરે

# રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાઓ

**સુખનું કારણ સદ્‌ગુણો છે.**
**સદ્‌ગુણોથી પુણ્ય પ્રકાશ બને છે.**
**5 સંકલ્પોની પાલના કરો, સંકલ્પ વર્ષને સાકાર કરો !**



## #1. SAVE WATER :

### जल की रक्षा, जीवों की सुरक्षा!

પાણીમાં જીવ છે અને પાણીથી જીવન છે,
આ સત્યનો સ્વીકાર કરી સંકલ્પ કરો.... **આજથી હું**
**આખા દિવસમાં two bucketsથી વધારે પાણીનો ઉપયોગ નહીં કરું !**

## #2. DON'T WASTE FOOD :

કેટલાંયને મળતું નથી અને કેટલાંયને મળેલું ભાવતું નથી.
અન્નનો અનાદર ન કરવો અને અન્નને waste ન કરવા સંકલ્પ કરો...
**આજથી હું જેટલું ખાવું છે, એટલું જ લઈશ**
**અને જેટલું લઈશ એ બધું ખાઈ લઈશ !**





## #3. QUIT SPEED IN DRIVING :

ઘણાને Car, Bike, etc. Vehicles speedમાં ચલાવવાનો શોખ હોય છે, પણ એ **શોખ** ક્યારેક **'શોક'** માં convert થઈ જાય છે. જીવહિંસાનું કારણ બની જાય છે. અહિંસાની પાલના અને જીવોની રક્ષા માટે સંકલ્પ કરો...

**'આજથી હું મારું Vehicle normal speedમાં જ ચલાવીશ !'**






## #4. SAY NO TO PLASTIC BAG :

Plastic bagના ઉપયોગથી પશુઓની health તો બગડે છે પણ પર્યાવરણ પણ દૂષિત થાય છે. પ્રકૃતિ અને પશુઓની હિતચિંતા સાથે સંકલ્પ કરો...

**'આજથી હું cloth bagsનો ઉપયોગ કરીશ.'**

## #5. SAY JAI JINENDRA

એકવાર જય જિનેન્દ્ર બોલવાથી અનંતા જિનેન્દ્ર ભગવાનનો જય-જયકાર થાય છે. જયકાર કરવાથી શુભની, શ્રેષ્ઠની, મંગલની અને કલ્યાણની પ્રાપ્તિ થાય એવા ઉત્કૃષ્ટ પુણ્યનો બંધ થાય છે. આવા ઉત્કૃષ્ટ પુણ્યનો બંધ કરવા સંકલ્પ કરો.... **આ એક વર્ષમાં હું 11,000 વાર જય જિનેન્દ્ર બોલીશ.**

**નોંધ: PARAM G APPમાંથી આપ આપના MOBILEમાં જય જિનેન્દ્રની TUNE SET કરી શકો છો.**


PARAM~G
MOBILE APP

Available on

Available on the App Store

GET IT ON Google Play

SCAN this QR code and install

JAIN KRANTI
# જૈન ક્રાંતિ
5th November 2025, YEAR: 24, ISSUE - 296
PAGES : 36 + 4 • RETAIL PRICE : ₹ 5

# WORDS THAT NEVER FAIL





## શું
## આજ સુધી

**તમારા બોલાયેલા વચન**
**ક્યારેય નિષ્ફળ ગયા છે ?**
**તમે કોઈના બોલાયેલા**
**વચનોને નિષ્ફળ થતા જોયા છે ?**

### આવું શા માટે ?

**શું ક્યારેય તમે**
**પ્રભુ કે ગુરુના શ્રીવચનોને**
**નિષ્ફળ થતા જોયા છે ?**

## ના...



**શું તમે ઈચ્છો છો કે, તમારા વચન પણ ક્યારેય નિષ્ફળ ન જાય ?**

### તો શું કરવું જોઇએ ?

**આવો જોઈએ...**
**આદેય વચન ધારક રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ**
**શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ અનંતી કરુણા કરી,**
**આપણને શું પ્રેરણા આપે છે...**
**એમના આત્મચિંતનમાંથી પ્રેરણાનો કેવો શુભ સ્ત્રોત વહે છે !!**
**આવો વાંચીએ જૈન-ક્રાંતિના આ અંકમાં અને**
**બનાવીએ આપણા વચનને સફળ વચન !**

: PUBLISHER :
SHREE DEEPAKBHAI BHAYANI

: CONTACT :
PARASDHAM
VALLABH BAUG LANE, TILAK ROAD
GHATKOPAR (E) MUMBAI - 400077
PH: +91-22-25015152

: EMAIL :
connect@parasdham.org
website: www.parasdham.org

: JOIN US ON :
www.facebook.com/ParasdhamIndia
www.youtube.com/ParasdhamTV

Printed, Published, Edited and Owned by
DEEPAK K. BHAYANI

**: SUBSCRIPTION :**

| | | |
|---|---|---|
| LIFE TIME (WITHIN INDIA) | : | ₹ 2500 |
| FOR 2 YRS. (WITHIN INDIA) | : | ₹ 500 |
| LIFETIME (INTERNATIONAL) | : | ₹ 20000 |
| FOR 1 YR. (INTERNATIONAL) | : | ₹ 2500 |

આપશ્રીને 'જૈન ક્રાંતિ'ને અનુદાન આપવું હોય તો સંપર્ક : **+91-9324808181**

**TO KNOW MORE ABOUT**
**PUJYA GURUDEV**
**CONTACT ON: +91-9860905678**

# વચનશુદ્ધિ ...થી... વચનસિદ્ધિ

## A PRACTICAL JOURNEY

વચનસિદ્ધિ એટલે એવી સિદ્ધિ, જેના દ્વારા તમારા મુખમાંથી નીકળેલાં દરેક વચન સિદ્ધ હોય, સફળ હોય, સાર્થક હોય.

વચનસિદ્ધ સાધકના વચન માત્ર મનુષ્યને જ સ્વીકાર્ય ન હોય, તિર્યંચ જીવો પણ સ્વીકારે અને પ્રકૃતિ પણ એનો સ્વીકાર કરે. પ્રકૃત્તિ પણ એમના વચનનો આદર કરે અને માન્ય કરે.

વચનસિદ્ધિ પ્રાપ્ત કરવા વચનની શુદ્ધિ કરવાની હોય છે. વચનશુદ્ધિ કરવા જરૂરી હોય છે, સમ્યક્ સમજની અને જેમણે વચનસિદ્ધિ પ્રાપ્ત કરી છે, એવા સમર્થ ગુરુની અનુભૂતિ આધારિત માર્ગદર્શનની !

વચનશુદ્ધિ માટે અનિવાર્ય છે, પળ-પળની સાવધાની અને self controlની !

વચનસિદ્ધિમાં એવું સત્વ હોય, જે તમને પ્રભુ જેવા બનાવે અને ભવોભવ પ્રભુનો યોગ કરાવે.

**વચનસિદ્ધિની પ્રાપ્તિ માટે અનિવાર્ય છે ‘વચનની શુદ્ધિ !’**



**વચનશુદ્ધિ ક્યારે થાય ?**

**વચનશુદ્ધિ કેવી રીતે કરાય ?**

વચનસિદ્ધિના લક્ષ્ય સાથે, વચનશુદ્ધિ કરવા,
જૈન-ક્રાંતિનો આ શુદ્ધિકર અંક વાંચશો,
તો તમને સમજાશે કે,
**તમે કલ્પના પણ ન કરી હોય,**
**એવી વચનશુદ્ધિની ભાવધારા,**
પરમ ગુરુદેવ પળ-પળ તમારા
**heartને touch** કરાવી રહ્યાં છે !




# મારા વચન બને વચન ધર્મ

- પરમ ગુરુદેવ

તમારા વચનો, તમારા શબ્દો, તમારા words એક એવું માધ્યમ છે, જે તમને પ્રભુધર્મની સમીપ પણ લઈ જઈ શકે છે અને પ્રભુધર્મથી દૂર પણ કરી શકે છે. માટે જ, આ પંચમકાળમાં વચન શુદ્ધિ અત્યંત જરૂરી છે.

વચનની શુદ્ધિ વ્યક્તિને વચન સિદ્ધિ અપાવી શકે છે.

કોઈના ચહેરા પર smile લાવવી કે sadness એ તમારા વચન પ્રયોગ પર આધાર રાખે છે.

એકવાર traffic signal પર જ્યારે એક luxurious car ઊભી હોય છે, ત્યારે એક ભૂખ્યો ગરીબ બાળક 'કંઈક મળશે' એવી આશા સાથે તે car પાસે જઈને હાથ લાંબો કરે છે. Carના માલિક એને જોતાં જ કહે છે, 'ચાલ, ભાગ અહીંથી... કામ કાંઈ કરવું નથી અને ભીખ માંગવાની આદત પડી ગઈ છે... જા, જતો રહે, અહીંથી...' 'કાંઈ નહીં મળે' તે સાંભળીને તે બાળકનો ચહેરો એકદમ sad અને ઉદાસ થઈ ગયો. તે ત્યાંથી પાછો વળી ગયો.

Carની પાછળ જ એક auto rickshawમાં એક બહેન બેઠાં હતાં. એમણે ઈશારાથી એ બાળકને પાસે બોલાવ્યો અને ખૂબ જ પ્રેમથી ₹50ની note આપી અને કહ્યું, બેટા ! ભૂખ લાગી છે ને ! જા, આમાંથી ખાવાનું લઈને ખાઈ લે જે !

તે બાળકના face પર સરસ મઝાનું smile આવી ગયું !

**જે પોતાના વચનથી બીજાના face પર smile લાવે છે તે વચનથી અમીર હોય છે.**

ઘણા અમને કહેતાં હોય છે, 'ગુરુદેવ ! ધર્મ તો કરવો છે, ધર્મ કરવાનું મન પણ ઘણું થાય છે, પણ શું કરું સમય જ મળતો નથી !'

યાદ રાખજો,

ધર્મ કરવા માટે સમયની નહીં, સદ્ભાવની, સારા સ્વભાવની અને સારા વ્યવહારની જરૂર હોય છે.

તે બહેનના બે મીઠાં વચનોથી, તે બાળકના face પર smile આવી ગઈ, આને કહેવાય વચનધર્મ !

વચનધર્મ માટે જરૂરી હોય છે, વચન શુદ્ધિ !

તમે બરાબર check કરજો,

તમે કોઈ વ્યક્તિ સાથે વાત કરતાં હો, તમારા વચનોમાં જો politeness હશે, softness હશે તો સામેવાળી વ્યક્તિને તમારા વચનો સાંભળવા ગમશે અને એના face પરના expressions પણ અલગ હશે. જ્યારે તમારા વચનો rude હશે, harsh હશે તો સામેવાળી વ્યક્તિને સાંભળવા પણ નહીં ગમે અને તેમનો તમારી સાથેનો વ્યવહાર પણ બદલાઈ જશે.

Sweet અને soft વચનો દરેકને કર્ણપ્રિય હોય છે, શાંતિ અને સમાધિ આપનારા હોય છે.

**સારા શબ્દ પ્રયોગ દ્વારા સહુને શાતા પમાડવી એ છે, વચનધર્મ !**

તમે જ્યારે તમારી buildingથી બહાર જાવ છો, ત્યારે તમે તમારા watchmanને માત્ર એટલું જ પૂછો, ભાઈ ! બધું બરાબર છે ને ! ઘરે બધાં મઝામાં છે ને ? કાંઈ તકલીફ તો નથી ને ! !

એના ચહેરા પર તરત જ smile તો આવશે પણ સાથે-સાથે તમારા પ્રત્યે સદ્‌ભાવ પણ આવશે.

એના બદલે જો તમે એમ કહો કે, બરાબર કામ તો કરે છે ને, duty ઉપર સમયસર કેમ નથી આવતો ? આ chair કેમ આવી રીતે રાખી છે ?

તો શું થશે ?

એનો face upset થઈ જશે, એનો mood ખરાબ થઈ જશે, એને મનમાં તમારા ઉપર ગુસ્સો પણ આવશે અને એ તમારા માટે negative થઈ જશે.

તમે તો લગભગ એક minute વાત કરીને ત્યાંથી ચાલ્યા ગયાં પણ એ watchmanના mindમાં તમારા માટે જે negative ભાવ આવ્યાં એની અસર કેટલો સમય રહેશે ? એની negativityનો force તમારા તનમાં કોઈ રોગ લાવી શકે કે ન લાવી શકે ? લાવી શકે.

## EVEN SCIENCE HAS PROVEN

**તમારાથી HURT થયેલી વ્યક્તિના NEGATIVE VIBRATIONSની EFFECT તમારા તન અને મન પર પડે છે. તમારા BODYના દરેક CELLS અને ORGANS પર EFFECT કરે છે.**



એ watchmanને તમારા માટે જે દુર્ભાવ થયો, તે એ કેટલો સમય યાદ રાખશે ? લાંબા સમય સુધી ! ! તમે બે વર્ષ પછી પણ એને મળશો, ત્યારે પણ એને યાદ હશે કે, આ ભાઈએ તે દિવસે મને આવા words કહ્યાં હતાં.

એ જેટલીવાર અને જેટલો સમય તમને યાદ કરે, એટલો સમય એ અધર્મ કરશે અને એ જેટલો સમય અધર્મ કરશે એના નિમિત્ત તમે બનશો. એ અધર્મના કારણે એક chain ઊભી કરશે. એને તમારા પર ગુસ્સો આવ્યો, પણ એ સામાન્ય વ્યક્તિ હોવાથી તમને કાંઈ કહી ન શક્યા એટલે એ એનો ગુસ્સો પોતાનાથી નાની કોઈ વ્યક્તિ પર કાઢશે. એ વ્યક્તિ બીજી વ્યક્તિ પર ગુસ્સે થશે અને એક લાંબી chainનું સર્જન થઈ જશે.

જેમ એક બીજ વાવો અને એ વૃક્ષમાં ઘણા બધાં fruits આવે. એ fruitના બીજમાંથી બીજા અનેક વૃક્ષોનું સર્જન થાય તેમ આપણા બોલાયેલાં વચનો જો કોઈને શાતા પમાડે છે, કોઈને શાંતિ અને સુખ આપે છે, તો સુખ, શાંતિ અને શાતાની chain સર્જાય છે અને જો કોઈને અશાતા આપે છે, કોઈના heartને hurt કરે છે, કોઈને દુ:ખી કરે છે, તો દુ:ખ અને અશાતાની chain સર્જાય છે.

માટે જ, વચનોને શુદ્ધ કરવાની જરૂર છે, વચનોને soft કરવાની જરૂર છે. જો તમારા soft વચનો અન્યને પ્રસન્નતા આપે છે, તો માનજો, તમે વચનધર્મ નિભાવી રહ્યાં છો.

વચનશુદ્ધિ ક્યારે થાય ?

જ્યારે તમારા વચનો બને વચનધર્મ !

તમને એમ થાય કે, ગુસ્સામાં બોલાઈ ગયું એમાં શું છે, પણ તમે વિચાર કરો, તમારું કોઈએ insult કર્યું હોય તો તમને એ word to word યાદ રહે છે ને ? અને એ પણ વર્ષોના વર્ષો સુધી યાદ રહે છે.

જો મને કોઈના કડવા વચનો યાદ રહે છે, તો સામેવાળી વ્યક્તિને પણ મારા કડવા વચનો યાદ રહેતાં જ હોય ને ! !

ક્યારે, ક્યાં અને કેટલું બોલવું, એ તમારા જ હાથમાં હોય છે. તમે કોઈને positive અને પ્રસન્ન પણ બનાવી શકો છો અને તમારા વચનો દ્વારા કોઈને negative અને દુ:ખી પણ બનાવી શકો છો.

કેમ ? કારણ કે, બોલાયેલા દરેક વચનમાં વજન હોય છે.

**તમારા વચન જો ભારે હોય,**
**તો સામેવાળાને ભાર અનુભવાય.**
**તમારા વચન જો હળવા હોય,**
**તો સામેવાળાને હળવાશ અનુભવાય.**

**તમે જ્યાં રહો છો, ત્યાં સહેલાઈથી થઈ શકે તેવો ધર્મ એટલે વચનધર્મ !**

ધર્મસ્થાનકમાં આવીને તમે મન અને કાયાનો ધર્મ કરો, વંદના, સામાયિક, કાઉસગ્ગ કરો પણ ઘરમાં, પરિવારમાં, સંબંધોમાં, ધંધામાં - દરેક સ્થાને તમે વચનનો ધર્મ કરી શકો. વચનધર્મ માટે તમારે ધર્મસ્થાનકની જરૂર ન પડે.

તમે જ્યાં હો, ત્યાં કરી શકો એવો ધર્મ છે, વચનધર્મ !

વચનધર્મ માટે જરૂરી છે, વચનોની શુદ્ધિ !

વચનની શુદ્ધિ કરવા માટે, તમારા દરેક વચનોમાં વિનમ્રતા અને respect લાવવા જોઈએ. વચનોને વ્યક્ત કરતાં પહેલાં filter કરવા જોઈએ.

યાદ રાખો, તમારા વચનો સામેવાળી વ્યક્તિમાં ધર્મ પણ લાવી શકે છે અને અધર્મ પણ લાવી શકે છે.

**વચન શુદ્ધિ દ્વારા વચનોને ધર્મવચન બનાવે એને વચનસિદ્ધિ પ્રાપ્ત થાય.**



## SOUND અને VOICEમાં ફરક શું હોય ?

**SOUNDમાં માત્ર અવાજ હોય, શબ્દો ન હોય,**

**VOICEમાં મનની વાતને વ્યક્ત કરી શકાય એવા શબ્દો હોય.**






# મારા વચન બને આદેયવચન

- પરમ ગુરુદેવ

**જગતની દરેક વ્યક્તિની ભાવના હોય છે કે, મને બધાં માન આપે, મને બધાં આદર આપે, બધાં મારી વાત માને. પણ આ ક્યારે શક્ય બને ?**

આજે આખા દિવસમાં તમે મૌન વધારે રહ્યાં હશો કે વધારે સમય બોલવામાં વીતાવ્યો હશે ? આપણે મૌન વધારે સમય રહીએ છીએ પણ મૌન રાખવાની વાત આવે ત્યારે મૌન રાખી શક્તાં નથી. પણ યાદ રાખવાનું,જે મૌન રાખી શકે એના જ શબ્દોમાં એક પ્રકારની ઊર્જા હોય છે. જેના શબ્દોમાં મૌનની ઊર્જા હોય એને બધાં માન આપે.

ક્યારે બોલવું, કેટલું બોલવું અને શું બોલવું, એની જેને સમજ હોય, એ જગતમાં successful હોય. એક શબ્દ પણ જો ન બોલવાના સમયે બોલાઈ જાય અથવા ન બોલવા જેવો બોલાઈ જાય તો problem શરૂ થઈ જાય.

**જેને સમય પર બોલતાં આવડે અને સમય પર મૌન રહેતાં આવડે, તેને જગતમાં માન મળે.**

જેના વચન આદેય વચન હોય તેની વાત બધાં માને. જેના વચનમાં સિદ્ધિ હોય તેને સર્વત્ર આદર મળે.

માટે જ, તમારા વચનમાં સિદ્ધિ હોવી જોઈએ. વચન સિદ્ધિ ત્યારે જ પ્રાપ્ત થાય, જ્યારે તમારા વચન આદેય વચન હોય !

જેના વચન આદેય વચન હોય, તે વ્યક્તિ જે વચન વ્યક્ત કરે, એવું જ બને. એ જે વચનનો પ્રયોગ કરે, વિશ્વશક્તિ એનો યોગ કરી દે.

આ જગતમાં જેટલાં આત્માઓને બોલવાનો યોગ મળે છે, એના કરતાં કરોડો આત્માઓને બોલવા મળતું નથી. માટે જ, જેને બોલવા મળે છે, જેને શબ્દો વ્યક્ત કરવા મળે છે એના શબ્દો એની લબ્ધિ હોવી જોઈએ. એના શબ્દોમાં એવી શક્તિ હોવી જોઈએ, એના શબ્દોમાં એવા powers હોવા જોઈએ કે સાંભળનાર વ્યક્તિ સહજતાથી એનો સ્વીકાર કરી લે. સર્વ તમારા વચનનો આદર કરે એ માટે, તમારા દરેક વચન આદેય વચન હોવા જોઈએ.

## આદેય વચન ક્યારે બને ?

તમે જ્યારે મૌન રહી સામેવાળાના વચનોને સ્વીકારતા હશો, ત્યારે તમારા વચનોને કોઈ નગણ્ય નહીં કરે. તમે કોઈના વચનોને ignore કરશો તો તમારા વચનોને કોઈ ignore કરશે.

આજે મોટા ભાગના ઘરોમાં આ ત્રણ-ચાર વાક્યો વારંવાર બોલાતાં હશે...

- મને કોઈ ગણકારતું નથી.
- મારી તો કોઈ value જ નથી.
- મને તો કોઈ સાંભળતું જ નથી.

આ વાત તમને કદાચ બહુ સામાન્ય લાગતી હશે, પણ યાદ રાખજો, સામાન્ય લાગતી આ વાત તમારી lifeમાં અસામાન્ય role ભજવી શકે છે.

જ્યારે વ્યક્તિને feel થાય કે, આ વ્યક્તિને મારી કોઈ value નથી એટલે એના mindમાં તમારા પ્રત્યેનો respect ઘટશે. Respect ઘટશે એટલે તમારી વચ્ચે રાગ-દ્વેષ, problems, struggle અને અશાંતિ વધશે.

માટે જ, તમારા વચન આદેય વચન બનાવવા તમારે બધાંના વચનોનો respect કરવો જોઈએ.

માનો કે, એક સંપ્રદાયમાં ઘણા બધાં સંતો છે અને એમાંથી એક સંતને આચાર્ય કે ગુરુની પદવી આપવાની છે તો એમનું selection શેના આધારે થાય ? એમના વચનોના આધારે !

**જેના વચન આદેય વચન હોય, એ સંત ગુરુ કે આચાર્ય પદને યોગ્ય હોય.**

આદેય વચન એટલે એવા વચનો જેને ક્યારેય કોઈ reject ન કરી શકે, અનાદર ન કરી શકે, નગણ્ય ન કરી શકે.

જેમના વચન આદેય વચન હોય, એમના મુખમાંથી ક્યારેય એવા words ન નીકળે કે, મને કોઈ ગણકારતું નથી, મારી તો કોઈ value નથી, મને કોઈ સાંભળતું નથી, મારી તો કોઈ કદર જ નથી કરતું.

## આદેય વચન બનાવવા મારું લક્ષ્ય શું ?

આદેય વચન બનાવવા પાછળનું intension પણ યોગ્ય અને નિસ્વાર્થ હોવું જોઈએ.

મોટા ભાગની વ્યક્તિઓના intension શું હોય છે ?

જો મારા વચન આદેય હોય, તો દરેક સ્થાને મારું ધાર્યું થાય. મારા વચન આદેય હોય તો બધાં મારું માને, બધાં મને માન આપે, હું જ્યાં જાઉં ત્યાં બધાં મને welcome કરે અને બધાં મારી સામે ઝૂકી જાય !

No, આ intension wrong છે, આમાં સ્વયંનો સ્વાર્થ છે.

આદેય વચન બનાવવા પાછળનું intension શુભ હોવું જોઈએ. એની પાછળનું લક્ષ્ય સદ્ભાવનાનું હોવું જોઈએ.

જો મારા વચન આદેય હોય, તો હું જેને પણ સત્યની પ્રેરણા આપું, તે બધાં સત્યના માર્ગે આગળ વધે. મારા વચન આદેય હોય તો હું જેને right guidance આપું એ right path પર આવી જાય, એની life સુધરી જાય. હું જેને right direction બતાવું, તે direction પર ચાલવા લાગે અને તેનું ભલું થવા લાગે. જો મારા આદેય વચન હોય તો હું જેને સહાયરૂપ બનું, તેના જીવનમાં પણ સુખ, શાંતિ અને સમાધિ આવે.

જે અન્યના જીવનમાં સુખ, શાંતિ અને સમાધિ લાવવાની સદ્ભાવના રાખે, તેના જીવનમાં સદાય સુખ, શાંતિ અને સમાધિ હોય.

> **આદેય વચન**
> **બીજા આપણી સામે ઝૂકી જાય**
> **તે માટે ન હોવા જોઈએ પણ**
> **હું બધાંને પરમાત્માની સમીપ લાવી શકું,**
> **એ માટે હોવા જોઈએ.**

## આદેય વચન કોના બને ?

જેના હૃદયમાં જગતના સર્વ જીવો પ્રત્યે આદર હોય, એના વચન આદેય વચન બને.

જેના હૃદયમાં કોઈપણ માટે અનાદર હોય, એના વચન આદેય વચન ન બને !

જે વ્યક્તિ સામાન્ય માનવી સાથે અનાદરનો વ્યવહાર કરે છે,

તેના વચન સામાન્ય બનીને રહી જાય છે.

જે નાના માણસોનો disrespect કરે છે, ignore કરે છે, insult કરે છે, એમને hurt થાય, દુ:ખ થાય એવો વ્યવહાર કરે છે, તેનો down fall શરૂ થવા લાગે છે.

આદેય વચન બનાવવા માટે માત્ર મોટા અને વડીલોનો જ નહીં, નાનામાં નાની વ્યક્તિ પછી એ servant હોય, peon હોય, watchman હોય કે sweeper હોય બધાંની સાથે respect પૂર્વકનો વ્યવહાર કરવો જોઈએ, સહુને આદર આપવો જોઈએ અને એમના નામ સાથે ભાઈ /બેન જોડીને વાત કરવી જોઈએ.

તમે તમારા peon કે watchmanને માત્ર તેના નામથી બોલાવો કે તેમના નામ સાથે 'ભાઈ' શબ્દ જોડીને respectથી બોલાવો ? તમને કાંઈ જોતું હોય તો - 'આ આપ' તેમ order કરો કે 'please આ આપશો ?' કહીને request કરો ?

**જે આજે**

**કોઈને ORDER કરે છે,**
**FUTUREમાં તેને પણ કોઈના**
**ORDERને ACCEPT કરવા પડે છે.**

જેના વચનોમાં અનાદર હોય, તિરસ્કાર હોય, ignorance હોય, તેને અનાદેય નામકર્મનો બંધ થાય છે.

કેટલાં લોકો વચન વ્યક્ત કરતી વખતે conscious હોય કે, જેવા મારા વચનો હશે એવો જ મને આદર કે અનાદર મળશે ?

કેટલાંને realise થાય કે, આજે મારી language આવી છે તો એનું reaction કેવું આવશે ?

ઘણાની આદત હોય નામ મનીષ હોય અને બોલાવે 'મનીયા' કહીને અને પાછા કહે વ્હાલથી બોલાવું છું આ વ્હાલ નહીં અહંકારનો અધિકાર હોય. જ્યારે આદેય વચની મનીષભાઈ અથવા મનીષજી કહીને બોલાવે.

આજ સુધી અનેકવાર hospitalમાં body check up કરાવ્યું હશે, પણ શું ક્યારેય તમે તમારા વચનોનું - શબ્દોનું check up કરાવ્યું છે ?

શું ક્યારેય એવું કહ્યું છે કે,

ગુરુદેવ ! મને આવા પ્રકારના words ન બોલવાના પચ્ચક્ખાણ આપો ! !

ના ! કેમ કે, ક્યારેય realise જ નથી થયું કે, મારા વચનો અયોગ્ય છે, કોઈને hurt કરવાવાળા છે. યાદ રાખજો, **તમારા વચનોના આધારે જ તમારી image બને છે.**

તમારા words જ એવા હોવા જોઈએ કે, અજાણી વ્યક્તિને પણ તમારા માટે respect થાય.

તમારા wordsમાં નાના-મોટા, શ્રીમંત-ગરીબ વચ્ચે ક્યારેય ભેદભાવ ન હોવો જોઈએ.

જે ભેદભાવ રાખે છે, તે જાણે-અજાણે સામેવાળી વ્યક્તિનું insult કરતાં હોય છે, એમને ignore કરતાં હોય છે, એમની ઉપેક્ષા કરતાં હોય છે. **મનમાં રહેલા ભેદભાવ જ્યારે આપણા વચનમાં આવી જાય છે ત્યારે તે સામેવાળાના હૃદયને ભેદી નાંખે છે.**

તમે જે આપો છો, તે જ તમને multiply થઈને મળે છે.

તમારી value તો જ થશે, જો તમે કોઈની value કરતાં હશો.

તમને તો જ માન મળશે, જો તમે અન્યને માન આપતાં હશો.

તમારી વાત તો જ બધાં ગણકારશે, જો તમે કોઈને ignore નહીં કરો.




# મારા શબ્દ બને સંયમ શબ્દ!

- પરમ ગુરુદેવ

વચન એ વ્યક્તિની ઓળખ હોય છે. કેટલાક વચનો શ્રેષ્ઠની પ્રાપ્તિ પણ કરાવી શકે છે અને કેટલીક વાર સ્વયંના વચનના કારણે વ્યક્તિ શ્રેષ્ઠને પામીને પણ ગુમાવી દે છે.

એકવાર Spaceનું study કરનાર એક ઉત્સાહી student હતો. એની ઈચ્છા હતી કે, એને NASAમાં job મળે. એણે ઘણીવાર apply કર્યું. ત્યાર બાદ એક દિવસ એના હાથમાં NASAનો appointment letter આવ્યો. એ ખુશીથી ઝૂમી ઉઠ્યો. એના આનંદનો પાર ન હતો. એ letter લઈ dance કરવા લાગ્યો. આજે એની ઈચ્છા પૂરી થઈ હતી.

તેણે તે letter સાથે તેના ભાવની એક post social media પર viral કરી દીધી. WhatsApp, facebook, instagram, સાથે બધાં friends અને relativesને પણ phone કર્યાં કે, મને NASAમાં job મળી ગઈ. હું NASAના interviewમાં select થઈ ગયો. જો... જો, હવે મારી પહોંચ ક્યાં સુધી પહોંચી ગઈ. હવે હું એ બધાંને મારા powers બતાવી દઈશ... વગેરે, વગેરે !

એની language ખૂબ જ rude અને rough હતી. એમાં અહંકાર ભળેલો હતો.

લોકો એની post વાંચતા અને like અને reply કરતાં. રોજના likesના figures જોઈ દિવસે-દિવસે એનો ego વધતો હતો. બે દિવસ પછી એક વ્યક્તિએ એની postમાં reply message મોકલાવ્યો કે, ‘ભાઈ, તમારે તમારી language સુધારવાની જરૂર છે.’

આ ભાઈને ગુસ્સો આવ્યો, એમણે reply આપ્યો કે, ‘તમે મને કહેવાવાળા કોણ છો ? મારી મરજી... મને જેમ લખવું હોય, તેમ લખીશ. તમારે મારા guide કે judge બનવાની જરૂર નથી. મારી language આવી છે અને હું મારા મનનો માલિક છું, તમારે મારી lifeમાં interfere કરવાની જરૂર નથી.’

બીજીવાર તે ભાઈએ reply કર્યો, ‘ભાઈ, તમારી languageને સુધારવાની જરૂર છે, તમારા સારા માટે કહું છું.’

ફરીથી એ ભાઈએ, એવી જ ભાષામાં, એવા જ rough wordsમાં એને reply કર્યો.

આ વખતે એ ભાઈએ reply આપ્યો, ભાઈ ! હું NASAનો director છું. તમને તમારી language સુધારવા request અને reminder આપ્યાં પણ તમે સુધરવા તૈયાર નથી એટલે અમે તમારી job cancel કરીએ છીએ.

હવે શું થાય ? એને એના words પર control ન હતો. એનો એની language પર control ન હતો એટલે એના words fail થઈ ગયાં.

માટે જ, જેમ મન ઉપરનો સંયમ જરૂરી છે, તેમ વચન ઉપરનો સંયમ પણ જરૂરી છે. શબ્દો પર સંયમ ન હોવાના કારણે શ્રેષ્ઠ job ગુમાવવી પડી.

**તમારી language, તમારા wordsના આધારે તમારી image બનતી હોય છે. તમારી language, તમારા words તમારા પ્રતિનિધિ બનતાં હોય છે.**

તમારા વચન જ તમારી અને તમે જેમની પણ સાથે જોડાયેલા છો તે સંસ્થા, પરિવાર અને તમારા ગુરુની પણ impression create કરે છે.

માનો કે, તમે કોઈ સંસ્થામાં manager છો, તો તમારી languageના આધારે સામેવાળી વ્યક્તિ judge કરી લે કે આ સંસ્થા કેવી હશે. તમે કોઈ businessના dealer હો તો તમારી languageના આધારે સામેવાળી વ્યક્તિ નિર્ણય લે કે, આ party સાથે business deal કરવી કે નહીં ? તમારી વાણીના વિનયના આધારે તમારા ગુરુની પ્રભાવક્તા અનુભવાય. તમારા વચનોના આધારે તમારા પરિવારની value નક્કી થઈ જાય.

**જેના WORDSમાં RESPECT ન હોય**
**એ WORLDમાં જ્યાં જાય, ત્યાં REJECT થાય.**

જેના wordsમાં respect હોય, તે જ્યાં જાય, ત્યાં તેને માન-સન્માન મળે.

માટે, તમારા words કેવા હોવા જોઈએ ?

તમારા words એવા હોવા જોઈએ, જે ક્યારેય અને ક્યાંય fail ન થાય. તમારી પાસે તમારા words fail ન થાય, એવા good luck પણ હોવા જોઈએ.એ ક્યારે possible થાય ?

જ્યારે તમારા wordsમાં વિનમ્રતા હોય અને તમારો તમારા વચનો પર control હોય, જેને કહેવાય વચન સંયમ !

ભગવાન મહાવીરના વચનો કેવા સિદ્ધ અને પુણ્યવાન હશે કે એમણે એક તિર્યંચ જીવને, એક અત્યંત ભયંકર કક્ષાના ક્રોધી સર્પને, એ દૃષ્ટિવિષ સર્પને માત્ર ત્રણ જ શબ્દો કહ્યાં, 'બુજ્ઝ, બુજ્ઝ ચંડકૌશિયા !' અને એનો આત્મા શાંત થઈ ગયો.

વિચાર કરો, ભગવાન મહાવીરના શબ્દોમાં કેટલો પ્રેમ હશે, કેટલી કરુણા હશે, કેવી સદ્ભાવના હશે, કેવું વાત્સલ્ય હશે કે દૃષ્ટિવિષ સર્પ પણ શાંત થઈ જાય !

ભગવાને એને વધારે પ્રવચન કે બોધ નહોતાં આપ્યાં, વધારે કોઈ પ્રેરણા નહોતી આપી. માત્ર ને માત્ર ત્રણ જ શબ્દો અને એ શબ્દો એક અત્યંત ક્રોધી આત્માને પણ એવા સ્પર્શી ગયાં કે, ડંખ દેવા આવેલો એ સર્પનો જીવ શાંત- ઉપશાંત થઈ ગયો. **જેમનાં સ્વયંના વચન પર સંયમ હોય, તે અન્યના કષાયને પણ સંયમિત કરી શકે.**

જો તમારામાં વચન સંયમ હોય તો અલ્પ શબ્દ પણ સામેવાળાના આત્માને શાંત-ઉપશાંત કરી દે.

ક્યારેક આપણા બે શબ્દો મનુષ્યને પણ snake બનાવી દે. એ બે શબ્દો એવા હોય કે સામેવાળી વ્યક્તિ ક્રોધિત થઈ જાય, અશાંત થઈ જાય અને આકુળ-વ્યાકુળ થઈ જાય.

માટે, તમારા શબ્દોમાં વિનમ્રતા અને માધુર્યની સાથે સંયમ પણ હોવો જોઈએ.

**જેનામાં વચન સંયમ હોય, જેનો સ્વયંના શબ્દો પર control હોય, તેના શબ્દો સિદ્ધ થયાં વિના રહે નહીં. તે દરેક શબ્દને વ્યક્ત કરતાં પહેલાં વિચાર કરે કે, મારા શબ્દથી કોઈને hurt તો નહીં થાય ને ? મારા શબ્દો કોઈના મનને disturb તો નહીં કરે ને ? મારા શબ્દથી કોઈને દુ:ખ તો નહીં થાય ને ?**

જેનામાં વચન સંયમ હોય, એની સાથે વાત કરનાર વ્યક્તિના ચહેરા પર સ્મિત અને પ્રસન્નતા હોય.

વચન સંયમ ત્યારે બને, જ્યારે સ્વયંનો સ્વયંના words પર control હોય. જેમનો સ્વયંના વચન પર સંયમ હોય એમને જ વચન સિદ્ધિ પ્રાપ્ત થાય.



# વચન સમાધારણા – શ્રદ્ધા ગુણની વૃદ્ધિ

**वय-समाहारणयाए णं भंते !**
**जीवे किं जणयइ ?**
**वय-समाहारणयाए णं**
**वयसाहारण -दंसणपज्जवे विसोहेइ।**
**वय-साहारण - दंसणपज्जवे**
**विसोहित्ता सुलहबोहियत्तं णिव्वत्तेइ,**
**दुल्लहबोहियत्तं णिज्जरेइ।**

-શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર -2, અધ્યયન 29, 57 બોલ.

---

**હે ભંતે ! વચન સમાધારણતાથી**
**જીવને શું લાભ થાય છે ?**
**વચન સમાધારણતા એટલે**
**વચન યોગને સમ્યક્રૂપે પ્રભુની**
**ભક્તિ, સ્મરણ, સ્તુતિ અને સ્વાધ્યાયમાં જોડવા.**
**વચન સમાધારણતાથી દર્શનની વિશુદ્ધિ થાય છે**
**અને દેવ, ગુરુ, ધર્મ પ્રત્યેની શ્રદ્ધામાં વૃદ્ધિ થાય છે.**
**વચન સમાધારણતાથી સુલભ બોધિની પ્રાપ્તિ**
**થાય છે અને દુર્લભ બોધિપણાની નિર્જરા થાય છે.**




# મારા વચન બને ભવસુધારક

- પરમ ગુરુદેવ

અનાદિ અનંતકાળના સંસાર પરિભ્રમણના અનેક કારણોમાં એક કારણ હોય છે, આપણો વચન યોગ !

વિશ્વના લાખો-કરોડો જીવોને જે યોગ પ્રાપ્ત નથી થયો, તે યોગ આપણને પ્રાપ્ત થયો છે ત્યારે તેનો યોગ્ય ઉપયોગ કરવાની સમજ પણ હોવી એટલી જ જરૂરી છે.

વાતવાતમાં આપણે એકદમ સહજતાથી એવા વચનોનો પ્રયોગ કરી લેતાં હોઈએ છીએ, જેના પરિણામે આપણા ભવોભવ બગાડતાં હોય છે, મોટાભાગના વ્યક્તિઓ વિચાર્યા વગર, ઉતાવળમાં, આવેશમાં, મનમાં જે આવ્યું, તે બોલી દેતાં હોય છે, એ સમયે એમને કલ્પના પણ નથી હોતી કે, મારા વચનો સામેવાળી વ્યક્તિને તો hurt કરશે, પણ એ ભોગવતી વખતે મારે કેટલું સહન કરવું પડશે !

આજે હું આપને એક એવો પ્રેરણામંત્ર આપવાનો છું, જેને તમારે મનમાં એવો ઘૂંટવાનો છે કે અંતરમાં અંક્તિ થઈ જાય અને તમારા મુખમાંથી શબ્દો વ્યક્ત થાય, તે પહેલાં તમારી અંદર એક bell વાગે અને તમે alert થઈ જાવ. તમે તમારા શબ્દોને પહેલાં check કરો અને પછી જ વ્યક્ત કરો...

તમને ખબર નથી, વાતવાતમાં બોલાતાં સાવ સામાન્ય લાગતા શબ્દોના કારણે કેવા-કેવા કર્મના બંધ થાય છે અને એને કેવી રીતે ભોગવવા પડે છે.

### • સાવ બુદ્ધિ વગરના છે !

એક સુખી પરિવારમાં, દરેક પ્રકારની facilityવાળા પરિવારમાં પાંચ વ્યક્તિ એકદમ healthy અને normal છે પણ એક વ્યક્તિ જન્મથી જ મંદબુદ્ધિની હોય છે અથવા 2-3 મહિનામાં જ કોઈ એવી તકલીફ આવી જાય છે, જેના કારણે એ મંદબુદ્ધિના થઈ જાય છે. શા માટે ? કેમ કે, pastમાં એણે વાતવાતમાં કોઈ વ્યક્તિને અથવા તો પોતાના સંતાનોને કહ્યું હશે, તારામાં તો બુદ્ધિ છે કે નહીં, આટલી નાની વાત પણ સમજાતી નથી, આનામાં તો અક્કલ જ નથી !

તમારામાંથી પણ કેટલાં બધાંથી આવું બોલાઈ ગયું હશે ને ! ભલે intension wrong ન હોય, પણ કર્મો તો મંદબુદ્ધિવાળા બનવાના બંધાઈ જ જાય છે.

માત્ર 3 શબ્દ ‘તમારામાં તો બુદ્ધિ જ નથી’ બોલવાથી intension wrong ન હોવા છતાં, તેનામાં કાંઈ ઓછું છે અને મારામાં તેના કરતા કાંઈક વધારે છે, મને તેનાથી વધારે આવડે છે, જાણે અજાણે આપણા અંદર રહેલો આ એક પ્રકારનો ego છે. અહંકારનો નિયમ હોય છે, જેનો અહંકાર કરવામાં આવે તે ફરી ન મળે તેવા અશુભ કર્મનો બંધ થાય છે. માટે બુદ્ધિનો egoથી એવા કર્મનો બંધ થાય જે futureમાં મંદબુદ્ધિનો ભવ અપાવે છે.

માટે જ, અમારો પ્રેરણા મંત્ર યાદ રાખવાનો છે;

**વાતવાતમાં બોલાયેલાં શબ્દો,**

**ભવોભવ સુધી ભોગવવા પડે છે.**

## • તને દેખાતું નથી !

આ શબ્દો દ્વારા તમે directly કે indirectly કોઈને કહી દીધું કે, તે blind છે ! માત્ર ત્રણ જ શબ્દો વાતવાતમાં બોલી ગયાં અને futureમાં blind બનવું પડે, એવા કર્મો બાંધી લીધાં.

તને કાંઈ દેખાતું નથી ? જોઈને ચાલી નથી શકતા ?

વાતવાતમાં કેટલીવાર બોલાયાં હશે, આવા શબ્દો !

માટે જ, અમારા પ્રેરણા મંત્રને વારંવાર ઘૂંટવાનો છે;

**વાતવાતમાં બોલાયેલાં શબ્દો,**

**ભવોભવ સુધી ભોગવવા પડે છે.**

## • તમે સાવ ખોટા છો !

ઘણા કહેતાં હોય છે, ગુરુદેવ ! હું સત્ય બોલતો હોય છે, મારું work પણ proper હોય છે, પણ ખબર નહીં, કેમ સામેવાળાને મારા પર trust જ નથી આવતો, મારા પર જરાપણ વિશ્વાસ જ નથી આવતો. એ હંમેશાં એમ જ કહે, તમે ખોટા છો !

ચાહે ઘરમાં, ચાહે બહારમાં આવું કેટલાં એ સાંભળ્યું હશે ? શા માટે ? કેમ કે, pastમાં તમે આવા વચનો દ્વારા કોઈને ખોટા સાબિત કર્યાં છે. હવે આ આક્ષેપ તમારે કેટલાંય ભવો સુધી ભોગવવા પડે, એવા કર્મ બાંધીને આવ્યાં છો, એટલે આ ભવે કોઈને તમારા પર trust નથી આવતો.

નાનકડાં અને સાવ સામાન્ય, વાતવાતમાં જ બોલાઈ ગયેલાં શબ્દો, તમારા કેટલાં ભવ બગાડી શકે છે !

માટે જ, હંમેશા યાદ રાખવાનો આ પ્રેરણા મંત્ર !

**વાતવાતમાં બોલાયેલાં શબ્દો,**

**ભવોભવ સુધી ભોગવવા પડે છે.**

## • તારામાં કાંઈ દમ નથી !

અમે એવી ઘણી વ્યક્તિઓને જોઈ છે, જેમનો આહાર proper હોય, ભોજન વ્યવસ્થિત વાપરતાં હોય, ગમે તેટલાં fruits અને dryfruits ખાતાં હોય પણ એનામાં કાયમની weakness જ હોય અને કાંઈ કરવાનું મન ન થાય, કાંઈ કરવાની તાકાત જ ન હોય. શા માટે ?

એણે ક્યા શબ્દનો પ્રયોગ કર્યો છે ? **'તારામાં કાંઈ દમ નથી'** વાતવાતમાં બોલાયેલાં આ સહજ શબ્દો દ્વારા એણે સામેવાળાની energyનું અપમાન કર્યું છે, એની energyની અશાતના કરી છે.

બીજાની energyની અશાતના કરે, એ ગમે તેટલાં પ્રયત્નો કરે તો પણ એને energy પ્રાપ્ત ન થાય.

માટે જ, અમારા આ પ્રેરણા મંત્રને અંતરમાં અંકિત કરી રાખો,

**વાતવાતમાં બોલાયેલાં શબ્દો,**

**ભવોભવ સુધી ભોગવવા પડે છે.**

માટે જ, ભગવાને ત્રણ words આપ્યાં છે;

ઠાણેણં, મોણેણં, ઝાણેણં - મન, વચન અને કાયા ઉપર સ્વયંનો control !

Daily lifeમાં વધારે કર્મ બંધાય છે, વચનના પ્રયોગોથી !

તમે ક્યારેય કલ્પના પણ કરી હતી કે, હું મારી daily lifeમાં વાતવાતમાં, હસતા-હસતા કે મસ્તીમાં જે આવા સામાન્ય વચનો બોલી જાવ છું, એનું પરિણામ તો મારે ભવોભવ સુધી ભોગવવું પડે છે ! જેવું વર્તમાનમાં બોલો, એવું ભવિષ્ય સર્જાય.

**તમારા વચન ક્યારેક**
**અશક્યને પણ શક્ય કરી દે અને**
**તમારા વચન ક્યારેક**
**શક્યને પણ અશક્ય કરી દે.**

તમારા દરેક positive વચન સામેવાળાનું હિત કરી શકે અને તમારા દરેક negative વચન સામેવાળાનું અહિત કરી શકે.

માટે જ, વચનની શુદ્ધિ અત્યંત જરૂરી હોય છે. વચનની શુદ્ધિ એટલે કે સમજીને, વિચારીને બોલાતાં શબ્દો !

વચનની શુદ્ધિ એટલે કે નમ્રતા અને મિઠાશ ભરીને બોલાતાં શબ્દો !

વચન સિદ્ધિ એટલે જેના મન, વચન અને કાયાનો ઉપયોગ એક સમાન હોય. એ વ્યક્તિ જેવું વિચારે, એવું જ બોલે. જેવું બોલે, એવું જ કરે. એમના વાતવાતમાં બોલાતાં દરેક વચનમાં અન્યના હિતની શુભભાવના હોય, એમના દરેક વચન polite અને positive હોય. એમના વચનમાં એવી સિદ્ધિ હોય કે, કેટલાંયના રોગ, શોક, દુ:ખ-દર્દ, વેદના-પીડા અને કષ્ટોને શાંત-ઉપશાંત કરી દે. એમના વચન એવા સિદ્ધ હોય કે સામેવાળાને શાતા અને સમાધિ મળી જાય, relax થઈ જાય.

એક વ્યક્તિને રસ્તામાં પત્થર વાગતાં પડી જાય છે, ત્યારે ત્યાં ઊભેલાં ભાઈ-બેનમાંથી ભાઈ કહે છે, આવડો પત્થર દેખાતો નથી, જોઈને ચાલી નથી શકતા ? જ્યારે બેન કહે છે, relax! તમને વાગ્યું તો નથી ને, ચિંતા નહીં કરો, હમણાં સારું થઈ જશે !

એક teacher studentને કહે છે, સાવ બુદ્ધુ છો, કેટલીવાર સમજાવ્યું પણ બુદ્ધિ જ નથી ! જ્યારે બીજા teacher કહે છે, બેટા ! થોડી વધારે મહેનત કર, સમજવાની try કર, તને જરૂર આવડી જશે.

વાતવાતમાં બોલાતાં બે પ્રકારના શબ્દો... બંનેમાં કેટલો બધો ફરક ?

યાદ રાખજો,

**દરેક વચન પ્રયોગ, તમને આવતા ભવમાં એવો જ યોગ કરાવે છે.**

વાતવાતમાં બોલાઈ જતાં શબ્દો, જો સમજીને, વિચારીને, વિવેકપૂર્વક બોલાય તો આ ભવ અને ભવોભવ સુધરી જાય, વચનની શુદ્ધિ થઈ જાય અને એની effect તમારા મન ઉપર, તમારા પરિવારમાં, તમારા relationsમાં અને તમારા business પર પણ થાય.

વાતવાતમાં બોલાઈ જતાં શબ્દો સમયે સાવધાન રહેવા અને ભવોભવને સુધારવા always યાદ રાખો આ પ્રેરણા મંત્ર - **'વાતવાતમાં બોલાતાં શબ્દો, ભવોભવ સુધી ભોગવવા પડે છે.'**



**"વચનસિદ્ધ સાધકના વચનોમાં ક્યારેય ભયનું સર્જન ન હોય."**



# મારા વચન બને પ્રવચન!

- પરમ ગુરુદેવ

પ્રભુના શ્રીવચનો...

કેવા હોય, પ્રભુના શ્રીવચનો ?

પ્રભુના શ્રીવચનો એવા હોય, જે આપણો ભવ અને ભવોભવ સુધારી દે અને આપણા ભવોને ઘટાડી દે !

જો હું પ્રભુનો વંશ અને વારસદાર હોઉં તો મારા વચનો પણ કોઈનો ભવ સુધારી શકે એવા હોવા જોઈએ ને ?

તમારું જ્યાં, જેમની સાથે, જેટલું પણ communication થતું હશે, એમાં તમારા વચનો ક્યાંક રાગ જન્માવે એવા હશે તો ક્યાંક દ્વેષ જન્માવે એવા હશે. રાગ અને દ્વેષ કર્મ બંધાવે અને કર્મ બંધાય એટલે ભવ વધે !

**પ્રભુના વચનો 'ભવતારક' કહેવાય ! જે ભવને વધારનારા નહીં, પણ ઘટાડનારા હોય...**

પ્રભુના વચનો પ્રત્યેની શ્રદ્ધા શુભ નામકર્મનો બંધ કરાવે છે. પ્રભુના શ્રીવચનોના વાંચન અને શ્રવણની એક પણ તક ગુમાવવી ન જોઈએ, પ્રભુના શ્રીવચનો ભલે સમજાય કે ન સમજાય પણ એટલી શ્રદ્ધા અવશ્ય હોવી જોઈએ કે, પ્રભુના વચનો મારા ભવોને ઘટાડનારા છે, મારા 'ભવતારક' છે.

વિચાર કરો, આખા દિવસમાં તમે પ્રભુના શ્રીવચનો વધારે સાંભળો છો કે સંસારીના વચનો વધારે સાંભળો છો ? સંસારીના વચનો તારક કરતા વધારે, મારક હોય છે.

**આજે નિર્ણય કરો, મારે પ્રભુના શ્રીવચનો વધારે સાંભળવા છે અને સંસારીના વચનો ઓછા સાંભળવા છે. જેટલું સંભળાવવાનું હોય, એમાં મારે પ્રભુના શ્રીવચનો વધારે સંભળાવવા છે અને મારા વચનો ઓછા સંભળાવવા છે.**

ગુરુના વચનો કેવા હોય ?

ગુરુના વચનો એ હોય, જેમાં સ્વયંની પ્રજ્ઞા સાથે પ્રભુના ભાવ ભળેલાં હોય માટે જ, ગુરુના વચનોને 'પ્રવચન' કહેવાય.

તમે ગમે ત્યારે અમારી પાસે આવો, તમને વચન સાંભળવા મળે કે પ્રવચન ?

પ્રવચન સાંભળવા મળે, કેમ કે, અમારા દરેક વચનમાં ક્યાંકને ક્યાંક પ્રભુના ભાવો, પ્રભુના સિદ્ધાંતો અને પ્રભુની દેશનાના બોધ ભળેલાં હોય, જે તમારા આત્માને માટે હિતકારક હોય. અને અમે જ નહીં તમે પણ તમારા વચનોને શુદ્ધ કરી, એમાં પ્રભુના ભાવોને ભેળવી, તમારા વચનોને પ્રવચન બનાવી શકો છો.

તમે ઘણીવાર અનુભવ્યું હશે, જ્યારે તમે એવી કોઈ વ્યક્તિને

મળ્યાં હશો, જેમણે પોતાના communicationમાં ત્રીજા જ વાક્યમાં એમના પ્રભુનું નામ અને ગુરુના પ્રવચનની વાત ભેળવી દીધી હશે. એમના હૃદયમાં રહેલો પ્રભુપ્રેમ અને ગુરુ સમર્પણ, એમના વચનને પ્રવચન બનાવી દેતાં હોય છે.

તમે પણ try કરજો, તમે જ્યારે કોઈ અજાણ્યા વ્યક્તિને તીર્થંકર પરમાત્માની વાત કરશો, ત્યારે તે ખૂબ જ ધ્યાનથી, આદરથી અને જિજ્ઞાસાથી સાંભળશે. જ્યારે તમે એનામાં પરમાત્મા પ્રત્યેનો અહોભાવ અને આદરભાવ વધારતાં વચનો સંભળાવશો, ત્યારે તમારા વચન, પ્રવચન બની જશે. તમને એવા શુભ નામકર્મનો બંધ થશે, જેના કારણે ભવિષ્યમાં તમને ક્યારેય પ્રભુવચનો શ્રવણની અંતરાય નહીં પડે, automatically અનુકૂળતા સર્જાઈ જશે.

સ્વયંના વચનને પ્રવચન બનાવવા એટલે વચનને શુદ્ધ કરી, વચનસિદ્ધિને પ્રાપ્ત કરવાનો પ્રબળ પુરુષાર્થ કરવો. તમારા વચન જ્યારે શુદ્ધ અને સિદ્ધ હોય, ત્યારે સહજતાથી જ સામેવાળાના heartને touch થાય અને અંતર સ્પર્શી બને, આચરણમાં ઉતારવાનું મન થાય.

માટે જ, તમારું એક લક્ષ્ય હોવું જોઈએ...

**મારે મારા**

**દરેક વચનને પ્રભુવચન બનાવવા છે,**

**દરેક વચનને 'પ્રવચન' બનાવવા છે.**

આજે ભલે હું પૂર્ણપણે મન, વચન અને કાયાથી પ્રભુ જેવો ન બની શકું, આજે ભલે હું પ્રભુ જેવી કેવળજ્ઞાન અને કેવળદર્શનની પ્રાપ્તિ જેવી ઉત્કૃષ્ટ સાધના-આરાધના ન કરી શકું પણ હું મારા વચનોને શુભ અને શુદ્ધ બનાવી, મારા વચનોને 'પ્રવચન' તો જરૂર બનાવી શકું છું.

મારા વચનોને 'પ્રવચન' બનાવવાને હું મારું લક્ષ્ય બનાવીશ અને એ લક્ષ્યને સિદ્ધ કરવા પુરુષાર્થ કરીશ.

તમારા વચન, જો પ્રવચન બની જાય તો તમે અનેક લોકો સુધી પ્રભુનો ધર્મ પહોંચાડી શકો, અનેક લોકોને પ્રભુના ધર્મ સુધી લાવી શકો.

તમારા વચન, જો પ્રવચન બની જાય તો તમે તમારા પરિવારજનોને, સંસારના જેટલાં સ્વજનો છે અને જેટલાં મિત્રો છે, એ બધાંના જીવન અને મનુષ્યભવને સુધારી શકો.

માટે જ, તમે અમારા પ્રવચનને માત્ર સાંભળવા ન આવો પણ અનેકને સંભળાવી શકો, એવા લક્ષ્ય સાથે આવો.

## CONVINCING POWER વધારવા શું કરવું ?

**તમારો સંકલ્પ હોવો જોઈએ.**

**હું પ્રભુના જે શ્રીવચનોનું શ્રવણ કરીશ, તે ઓછામાં ઓછા અન્ય પાંચ વ્યક્તિને જરૂર સંભળાવીશ, એમને સમજાવીશ.** અન્યને સમજાવવા માટે પહેલાં તમારે ધ્યાનથી સમજવું પડશે, ધ્યાનથી સમજવા તમારે એક ચિત્તે શ્રવણ કરવું પડશે અને એક ચિત્તે શ્રવણ કરવા, તમારે સંસારથી disconnect થવું પડશે. આનાથી તમારો convincing power પણ strong થઈ જશે. જે તમારા businessમાં, તમારા relationsમાં support કરશે, તમારા respectful words સામેવાળાને easily convince કરી શકશે.

તમારામાં જો સામેવાળાને સમજાવવાની art આવી જાય તો તમારી દરેક વાતના replyમાં 'YES' આવે કે નહીં ? તમને જો સામેવાળાને proper સમજાવતાં આવડી જાય તો તમારા ઘરમાં, પરિવારમાં argument ઘટે કે નહીં ?

Convincing powerને strong બનાવવા, grasping power વધારવો જોઈએ અને grasping power વધારવા માટે,

પ્રવચન શ્રવણના સમય પહેલાં 10 minutes વહેલાં આવી, ધ્યાનમાં બેસી જવાનું. ધ્યાનની સાધનાથી સંસારના વિચારો અને સંસારના વ્યવહારોથી disconnect થઈ જશો. સંસારથી disconnect થશો એટલે પ્રભુના શ્રીવચનોથી સહેલાઈથી connect થઈ જશો.પણ થાય છે શું ?

તમે આવો એકદમ last minute એ અને સીધા પ્રવચન સાંભળવાનું શરૂ કરી દો અને સંસારની અસરમાંથી બહાર નીકળ્યાં ન હો અને પ્રભુના વચનો સાંભળવાનું શરૂ થઈ જાય, એટલે શું થાય ?

જેમ keroseneના bowlને ધોયા વિના એમાં ચોખ્ખું ઘી ભરો તો એ ઘીમાં પણ keroseneની જ વાસ આવેને, તેમ સંસારની અસરવાળા મન-મગજમાં, પ્રભુના શ્રીવચનો ભરો તો એમાં પણ સંસારની અસર અનુભવાય !

માટે જ, તમારા વચનોને પ્રવચન બનાવવા, પહેલાં વચનોને શુદ્ધ કરવા જરૂરી છે. **વચન શુદ્ધ થશે, તો વચનમાં પ્રભુના ભાવ ભળશે અને વચનમાં પ્રભુના ભાવ ભળશે તો વચન, પ્રવચન બનશે.** પ્રભુના ભાવ ભળેલાં વચન એટલે સિદ્ધ વચન જે સાંભળનારને હૃદયસ્પર્શી બની, હૃદય પરિવર્તન કરાવે.

**TASK**

**તમે વચનશુદ્ધિનો પુરુષાર્થ કરો, તો તમારા દિવસના 100 વાક્યોમાંથી ઓછામાં ઓછા 50 વાક્યોને તો 'પ્રવચન' બનાવી શકો છો.**




**જે વ્યક્તિ બીજા સાથે HARD થયાં પછી**



**48 MINUTESમાં SOFT ન થાય, તેનું FUTURE VOICE TO VOICELESS બની જાય.**



# મારા વચન બને ઉપકારક

- પરમ ગુરુદેવ

**પ્રભુના અને ગુરુના વચનોનું વાંચન અને શ્રવણ કરતી વખતે એક અનન્ય અહેસાસ થવો જોઈએ કે, હું આ શ્રેષ્ઠ વચનો દ્વારા અમૃતના એક-એક અમૂલ્ય ઘૂંટડાનું પાન કરી રહ્યો છું... હવે મારા આત્મા માટે હિત, શ્રેય અને કલ્યાણની ક્ષણો નજીક આવી રહી છે. પ્રભુના આ પ્રાજ્ઞવચનો, ગુરુની આ જ્ઞાનવાણી, અનંતકાળથી પરિભ્રમણ કરતાં મારા આ આત્માને હવે તારશે અને ઉગારશે. મારા અનંતકાળના અવગુણોને દૂર કરાવી, મારા આત્મગુણોનું પ્રાગટ્ય કરાવશે. મારા આત્માને શુદ્ધ-વિશુદ્ધ કરાવતી આત્મયાત્રા કરાવશે.**

પ્રભુના અને ગુરુના મુખકમલમાંથી પ્રગટતાં દરેક વચન આત્મકલ્યાણકારી અમૃત સમાન હોય છે.

પ્રભુના અને ગુરુના વચનો, આપણા માટે અમૃત વચનો ત્યારે જ બને, જ્યારે એ વચનો પ્રત્યે આપણા અંતરમાં અત્યંત ઉપકારભાવ હોય અને એ ઉપકારભાવ રોમ-રોમમાં અનુભવાતો હોય.

એમના વચનો પ્રત્યે પૂર્ણ શ્રદ્ધા, રૂચિ, પ્રેમ અને પ્રતીતિ હોવી જોઈએ કે, પ્રભુના વચનો, ગુરુના વચનો મારા આત્મ ગુણોને પ્રગટાવનારા છે, મારી આત્મચેતનાને જાગૃત કરાવનારા છે, **મને અનંતકાળ પછી પ્રાપ્ત થતા આ વચન સંજીવની મારા સુષુપ્ત આત્માને સજીવન કરાવનારી છે.**

પ્રભુના અને ગુરુના વચનોનું પાન કરતી વખતે, જો આવો અહોભાવ સહ આત્મવિશ્વાસ પ્રગટે ત્યારે તેમના વચનો અમૃત વચનો બને !

**જ્યારે શ્રેષ્ઠનું મૂલ્ય સમજાય છે, ત્યારે જ શ્રેષ્ઠની પ્રાપ્તિ સાર્થક થાય છે.**

પ્રભુના અને ગુરુના વચનો પ્રત્યે અત્યંત આદર, અહોભાવ અને ઉપકારભાવ પ્રગટ કરી, એમના એક-એક વચનોમાં રહેલ ભાવાર્થ અને ગૂઢાર્થને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ, જેથી તમારા વચનો પણ પ્રભુ વચનો જેવા વચનો બની જાય.

સામાન્ય વ્યક્તિના શબ્દોમાં સ્વાર્થ હોય, એમના વચનોમાં ક્યાંકને ક્યાંક સુખની અપેક્ષા હોય, જ્યારે પ્રભુના અને ગુરુના વચનોમાં નિ:સ્વાર્થતા હોય, અનંતી કરુણા હોય અને અન્યના હિત, શ્રેય અને કલ્યાણની શુભ સદ્ભાવના હોય.

પ્રભુના અને ગુરુના વચનો પ્રત્યેનો ઉપકારભાવ, તમારા વચનોને પ્રભુ જેવા વચનો બનાવવાનો પુરુષાર્થ કરાવે છે, જેનાથી તમારા વચનો શુદ્ધ બને છે, સત્યવચન બને છે, soft અને polite બને છે. **વચનશુદ્ધિનો સતત પુરુષાર્થ એક દિવસ પ્રભુ અને ગુરુ જેવી વચનસિદ્ધિ પ્રાપ્ત કરાવે છે.**

# વચનશુદ્ધિ

એ આત્મ પુરુષાર્થ છે,
જે દરેક વ્યક્તિ
**Self efforts,**
**Self consciousness**
**& Self control** દ્વારા..
**24x7**
દરેક સ્થાને કરી શકે.



# મારા વચન Negative કે Positive?

- પરમ ગુરુદેવ

એક દિવસ ધાતકી ખંડની અમરકંકા રાજધાનીના રાજા પદ્મનાભ પાંચ પાંડવોની પત્નિ દ્રૌપદીનું અપહરણ કરાવી,પોતાના ભવનમાં રાખે છે.

પાંચ પાંડવો અને શ્રીકૃષ્ણ મહારાજ દ્રૌપદીને છોડાવવા અમરકંકા નગરીમાં જાય છે અને દ્રૌપદીને પાછી સોંપવા કહે છે. પણ પદ્મનાભ રાજા ના પાડે છે અને યુદ્ધ કરવા તૈયાર થાય છે.

યુદ્ધના પ્રથમ દિવસે પાંચ પાંડવો યુદ્ધમાં જવા પ્રયાણ કરે છે અને સંકલ્પ કરે છે: **''આજે અમે નહીં અથવા પદ્મનાભ રાજા નહીં.''**

સાંજે હારીને, હતાશ થઈને પાછા આવે છે.

**બીજે દિવસે શ્રીકૃષ્ણ કહે છે, આજે હું યુદ્ધ કરવા જઇશ. યુદ્ધમાં જવા પ્રયાણ કરતાં પહેલાં કહે છે: આજે હું જીતીને આવીશ અને દ્રૌપદીને લઇને આવીશ.**

**શ્રી કૃષ્ણ યુદ્ધ જીતી અને દ્રૌપદીને લઇને આવે છે.**

પાંડવો શા માટે યુદ્ધમાં હારી ગયા ?

કેમ કે, એમના પ્રથમ વચન જ **negative** હતા, આજે અમે નહીં. જ્યારે શ્રીકૃષ્ણ યુદ્ધમાં જીતી જાય છે, કેમ કે, એમના પ્રથમ વચન **positive** હતાં, હું આજે જીતીને આવીશ.

સામાન્ય લાગતું એક વાક્ય, યુદ્ધમાં હરાવી પણ શકે છે અને જીતાડી પણ શકે છે. માટે જ આપણા દરેક વચન **positive** હોવા જોઈએ.

**વચનસિદ્ધ વ્યક્તિના દરેક ભાવોમાં, દરેક વચનોમાં અને દરેક કાર્યમાં positivity છલકાતી હોય છે.**





# મારા વચન બને અનુકરણીય

- પરમ ગુરુદેવ

દરેક શિષ્યના ભાવ હોય કે, મારા ગુરુની જેમ મારા words પણ ક્યારેય fail ન થાય, ક્યારેય નિષ્ફળ ન જાય.

શિષ્યના આ ભાવ પૂરા ક્યારે થાય ?

જ્યારે તે ગુરુના વચનોનું અવલોકન કરી, અનુકરણ કરે, સ્વયંના વચનને ગુરુના વચન જેવા બનાવે.

કેમ કે, એ જ્યારે ગુરુના ચરણ-શરણમાં સમર્પિત થઈ શિષ્ય બને છે, ત્યારે જગતના લોકો તેનામાં ગુરુને શોધતાં હોય છે.

શિષ્ય હંમેશાં ગુરુનો છાયો અને પડછાયો હોય એટલે એના મન, વચન અને કાયાના યોગમાં ગુરુની અસર હોય.

જેમ એક દીકરો, પોતાના fatherને જોઈ, એમના જેવા બનવાના ભાવ કરે છે, ત્યારે તે father જેવા બનવા એમનું અનુકરણ કરે છે, એમ એક શિષ્ય જ્યારે ગુરુના શરણમાં બાળક બનીને સમર્પણ કરે છે, ત્યારે તે પણ પોતાના ગુરુ જેવા બનવા, એમનું અનુકરણ કરે છે.

જેમ-જેમ અનુકરણ થાય, તેમ-તેમ ગુરુ જેવી વાણી, વ્યવહાર અને વર્તન થવા લાગે.

તે પળ-પળ ગુરુના એક-એક શબ્દોનું, એક-એક વચનનું ધ્યાનથી અવલોકન કરે છે, ગુરુના વચન કેવા છે, એમાં કેટલી ઋજુતા છે, દરેક વાક્ય કેવા સુયોગ્ય છે, એમાં કેટલી શુદ્ધિ છે, કેટલો વિનય છે.

શિષ્ય જ્યારે ગુરુનાં સાંનિધ્યમાં આવે, ત્યારે તે માત્ર સામે બેસે જ નહીં, તે ગુરુને માત્ર નિહાળે જ નહીં, તે ગુરુનાં ગુણોને નિહાળે.. એ નજરે નિહાળે છે કે, મારા ગુરુ પાસે ચાહે નાનામાં નાની વ્યક્તિ આવે, ચાહે શ્રેષ્ઠીવર્ય અને રાજનેતા આવે, સાવ સામાન્ય પરિવારની વ્યક્તિ આવે, ચાહે મોટા દાનેશ્વરી આવે, ગુરુ બધાં સાથે એટલી જ નમ્રતાથી વાત કરે છે, એટલાં જ smile સાથે વાત કરે છે અને એ પણ કોઈપણ જાતના ભેદભાવ વિના ! કોઈ યાચક help માટે આવે, તો એની સાથે પણ એટલાં જ વિનય અને પ્રેમથી વાત કરે અને એની વાત પણ સાંભળે.

શિષ્યનું observation જ્યારે અનુકરણ બને છે, ત્યારે વચનની ઐક્યતા થતાં વાર નથી લાગતી.

પણ થાય છે શું ? શિષ્ય ગુરુના બન્યા પછી પણ ગુરુ જેવા બનતા નથી.

Check કરો,

તમારા વચન અને તમારા ગુરુના વચન સમાન હોય કે અલગ ? તમારા વચન ગુરુ પાસે કેવા હોય અને તમારા વાક્યો બહારમાં કેવા હોય છે ?

માનો કે, તમે શાકભાજી લેવા જાવ છો, ત્યારે શાકભાજીવાળા

ભાઈને શાકનો ભાવ કેવી રીતે પૂછો છો ?

એય, આ ભીંડા કેમ આપ્યાં ? આટલાં મોંઘા કેમ છે ?

દિવસે -દિવસે ભાવ વધારતા જ જાવ છો.

**પ્રભુના શ્રાવક, ગુરુના ભક્તના વચન એટલા બધાં સન્માનવાળા હોય કે એના વચનોમાં ક્યારેય તોછડાઈ કે તુચ્છકાર ન હોય. એના વચનોમાં માન અને મિઠાશ હોય.**

ભાઈ ! આ ભીંડાનો ભાવ જણાવશો, Please! તે ભાવ મને અનુકૂળ હશે તો મને ભીંડા લેવાના ભાવ છે !

શબ્દો એટલાં જ છે, પણ શુદ્ધિમાં કેટલો બધો ફરક છે ?

તમારા વચનોમાં એટલી ઋજુતા અને વિનમ્રતા હોવી જોઈએ કે, તમારી આસપાસવાળાને તમારામાં પરમ તત્ત્વનો અનુભવ થવા લાગે અને એને પણ પ્રભુના ભક્ત બનવાના ભાવ થઈ જાય.

તમારી ભાષામાં એટલી શુદ્ધતા અને ક્ષમતા હોય કે, સાંભળનારને તમારા ગુરુ પ્રત્યે અહોભાવ પ્રગટ થઈ જાય અને એને પણ ગુરુના દર્શન કરવાનું અને ધર્મ સાધના કરવાનું મન થઈ જાય.

તમારા આજ્ઞા પાલન ભાવ પણ એટલાં ઉત્કૃષ્ટ અને નિષ્ઠાપૂર્વકના હોવા જોઈએ કે, ભૂલથી પણ જ્યારે તમારાથી કોઈની સાથે ઊંચા અવાજે બોલાઈ જાય, પછી ચાહે એ કોઈ વડીલ હોય કે buildingના watchman, તરત જ એમના ચરણમાં મસ્તક મૂકી કહેવું જોઈએ, આજે મેં મારા ગુરુની આજ્ઞા તોડી છે, હું એનું પ્રાયશ્ચિત કરું છું.

તમારા દરેક વચનોની જલેબીમાં ગુરુના ભાવોની ચાસણી ભળેલી હોવી જોઈએ. તમારા વચનમાં ગુરુના ભાવ હશે તો તમારા વચનમાં માન અને મિઠાશ હશે. નહીં તો શું થશે ? નહીં તો તમારા શબ્દોમાં રહેલી ખારાશ, સાંભળનારને ખારા બનાવી દેશે.

ઘણીવાર તમને થાય કે, મારા મનમાં કાંઈ નથી પણ એ સમયે બોલાઈ ગયું. ક્યારેક કહેવાઈ જાય પણ મનમાં કાંઈ ન હોય.

યાદ રાખજો,

જો અંદરમાં હોય, તો જ બહારમાં આવે.

**માટે જ, તમારે જો તમારા વચનો ક્યારેય નિષ્ફળ ન થાય એવા સિદ્ધવચન બનાવવા હોય તો તમે જ્યારે પણ કોઈની સાથે વાત કરો, ત્યારે તમારી અંદર ગુરુઆજ્ઞાનો ઘંટનાદ થવો જોઈએ અને તમારા શબ્દોમાં એ નાદ ભળ્યાં પછી જ શબ્દો બહાર આવવા જોઈએ.**

તો જ તમારા વચન ગુરુના વચન જેવા બનશે, તમારા વચન અનુકરણીય બનશે, શુદ્ધ બનશે, સિદ્ધ બનશે.

**જેમ-જેમ અનુકરણ strong થતું જાય, તેમ-તેમ ગુરુ સાથેનું connection પણ strong થતું જાય.**

શિષ્યના શબ્દો જ અન્ય વ્યક્તિનાં હૃદયમાં દેવ,ગુરુ, ધર્મ પ્રત્યે અહોભાવ પણ પ્રગટાવી શકે છે અને અવહેલનાના ભાવ પણ પ્રગટાવી શકે છે. તે કોઈને ધર્મ તરફ પણ વાળી શકે છે અને ધર્મથી દૂર પણ વાળી શકે છે. કેમ કે તમારા શબ્દો તમારા દેવ, ગુરુ, ધર્મની image બનાવતા હોય છે. માટે જ દરેક શબ્દ વ્યકત કરતાં પહેલાં વિચાર કરો કે, મારા વચન ગુરુની પ્રસન્નતાનું કારણ બને એવા છે કે ગુરુની અશાતનાનું કારણ બને એવા છે ?

તમને પણ તમારા વચન શુદ્ધ અને સિદ્ધ કરવા હોય, તો ગુરુના વચનોને માત્ર સાંભળવાના નહીં, એમના વચનોનું માત્ર અવલોકન જ નહીં કરવાનું પણ સ્વયંના દરેક વચનમાં એટલી જ શુદ્ધતા, નમ્રતા અને મધુરતા હોય, એ માટે પળ-પળ alert રહેવાનું અને વચન વ્યક્ત કરતાં પહેલાં 100 વાર વિચારવાનું.

**તમારા દરેક વચનોનો પ્રયોગ સુયોગ્ય હોવો જોઈએ અને positive હોવો જોઈએ.**

આટલો પુરુષાર્થ તમારા વચનો ક્યારેય નિષ્ફળ નહીં થવા દે !




# મારે લેવી વચનની દીક્ષા!

- પરમ ગુરુદેવ

મનુષ્ય પાસે એક એવી skill છે, એક એવી ક્ષમતા છે, જે પ્રાણી જગત અને જંતુ જગત પાસે નથી અને એ skillનું નામ છે, ભાષા !

વચનયોગ દ્વારા, ભાષા દ્વારા Communication કરવાની ક્ષમતા માત્ર મનુષ્ય પાસે જ હોય છે પ્રાણી જગત પાસે કદાચ વચન યોગ હોય શકે પણ વાત કરવા માટે languagesનું medium નથી હોતું અને માટે જ, કદાચ સૌથી વધારે રાગ-દ્વેષ, સૌથી વધારે કર્મનના બંધન અને સૌથી વધારે negativity મનુષ્યમાં જોવા મળતી હોય છે.

આ skill દ્વારા જ મનુષ્ય પોતાની impression set કરવા, status maintain કરવા, પોતાનો show off કરવા જીભનો દુરુપયોગ કરતાં હોય છે.

શું તમને ખબર છે, communication skill, ભાવોને વ્યક્ત કરવાની વચનની ક્ષમતા, તમને મળેલી જબરદસ્ત gift છે ?

તમને ખબર છે, એ કેટલી precious છે ?

વિચાર કરો, મહિનાઓ સુધી તમારી સાથે કોઈ બોલવાવાળું ન હોય, તમારી સામે તમારી વાત સાંભળવાવાળું કોઈ ન હોય, તો શું થાય ? તમારું મન કેટલું મુંઝાઈ જાય ? તમારી વાત, તમારા વિચારો જ્યારે વ્યક્ત ન થાય અને અંદર-અંદર ઘુમરાયા કરે ત્યારે શું થાય ?

તમે દુ:ખી-દુ:ખી થઈ જાવ, તમે upset થઈ જાવ અને કદાચ depressionમાં પણ આવી જાવ !

તમને વચન વ્યક્ત કરવા ન મળે તો આટલી અકળામણ થતી હોય. તો આ દુનિયામાં એવા animals છે, insects છે, જેમની પાસે વચન ક્ષમતા જ નથી. તમને વચન યોગ પ્રાપ્ત થયો છે અને એમને આવી ક્ષમતા નથી મળી આવું કેમ ?

વચન ક્ષમતા ન મળવાનું કારણ હોય છે, વચનનો દુરુપયોગ ! Bad words, અયોગ્ય words, કોઈને hurt થાય એવા wordsનો ઉપયોગ !

**Wordsનો દુરુપયોગ વ્યક્તિને futureમાં words વ્યક્ત ન કરી શકાય, એવી ક્ષમતા વિનાનું જીવન, પ્રાણી અને જીવ-જંતુ જેવું જીવન અપાવે છે.**

તમારે તમારી communication skillને શ્રેષ્ઠ બનાવવી હોય, તમારી વચન ક્ષમતાને યોગ્ય બનાવવી હોય, તમારી languageને ઉપયોગી બનાવવી હોય તો શું કરવું જોઈએ ?

Bad words, અયોગ્ય languageના કારણે વ્યક્તિ માત્ર જીભ નથી ગુમાવતી, પ્રભુ ભક્તિ પણ ગુમાવે છે, જીભ વિના પ્રભુની ભક્તિ, પ્રભુના ગુણગ્રામ અને પ્રભુની સ્તવના કેવી રીતે થઈ શકે ?

ભગવાને શ્રાવકના એક લક્ષણમાં કહ્યું છે કે, શ્રાવકના વચન

'ગૌરવ વચન' હોય, એના એક-એક વચનમાં અહોભાવ હોય, વિનયભાવ હોય, softness અને politeness હોય, એટલે કે ગૌરવ અનુભવાય એવા હોય.

શ્રી ઉપાસક દશાંગ સૂત્રમાં શ્રાવકનું વર્ણન આવે છે કે તેમની advice લેવા માટે આખું ગામ આવે અને તેમની advice, તેમના વચન બધા લોકો માટે પ્રમાણભૂત હોય, આવકાર્ય હોય, સ્વીકાર્ય હોય.

તમારા દ્વારા બોલાયેલા શબ્દો તમારી સંગતનું દર્શન કરાવે છે. કારણ કે, તમારી memoryમાં જે જાય છે, તે જ બહાર આવતું હોય છે.

માનો કે,

તમારા કોઈ નવા friend બન્યા છે, એની language, એના words તમારા wordsથી કંઈક અલગ પ્રકારના છે અને તમારું એમની સાથે આખો દિવસ communication ચાલતું હોય છે, એક-બે દિવસ તો તમને એમના wordsની effect નહીં થાય, પણ થોડા દિવસ પછી જાણે-અજાણે તમારા મુખમાંથી પણ એમના જેવા words વ્યક્ત થવા લાગશે. કેમ કે, તમારો તમારી language ઉપર વધારે control હોતો નથી.

તમારે તમારી language ઉપર control કરવો છે ?

તમારે તમારી languageને સુધારવી છે ?

તમારે તમારી વચન ક્ષમતાને સુયોગ્ય બનાવવી છે ?

તો એના માટે એક શ્રેષ્ઠ ઉપાય છે, વચનદીક્ષા !

## દીક્ષા એટલે સંયમ, SHIFT + DELETEની Process!

વચનદીક્ષા એટલે જે bad words, bad languages તમારા mindની memoriesમાં deep સુધી ચાલ્યા ગયાં છે, તેને કાયમ માટે delete કરી નાંખવા.

વચનદીક્ષા એટલે તમારો self control ન રહેવાના કારણે, જાણતાં-અજાણતાં, conscious અને sub conscious mindમાંથી વ્યક્ત થઈ જતાં, બોલાઈ જતાં, wordsને કાયમ માટે બહાર કાઢવાની process!

વચનદીક્ષા જરૂરી છે કેમ કે, આ ભવમાં જે wrong words mindમાં, memoriesમાં set થઈ ગયાં છે, એ words next lifeમાં પણ સાથે આવશે. કેમ કે, ભગવાને કહ્યું છે, સંસ્કાર આવતા ભવમાં સાથે આવે છે.

**ભગવાને કહ્યું છે,**

**કાયાથી જે પાપ થાય તે 1% હોય અને મનથી જે પાપ થાય કે 99% હોય. મનથી થતાં પાપથી બચવા વચનદીક્ષા હોય છે.**

વચનદીક્ષા એટલે પોતાના વચનની અનુપ્રેક્ષા કરવી, પોતાના બોલાતા wordsને check કરવા અને એને શુદ્ધ કરવાનો પુરુષાર્થ કરવો.

જ્યાં સુધી અનુપ્રેક્ષા ન થાય, ત્યાં સુધી change ન આવે. જ્યાં સુધી અનુપ્રેક્ષા ન થાય, ત્યાં સુધી result ન આવે. ગમે તેટલી પ્રેરણા અને બોધ મળે, પણ એ implement ત્યારે જ થાય, જ્યારે heartને touch થાય અને realise થાય.

તમે પંચ મહાવ્રતધારી દીક્ષા લઈ, life time અસત્ય અને અયોગ્ય words ન બોલવાનો નિયમ ન લઈ શકો પણ જીભ વિનાના, communication વિનાના ભવથી બચવા વચનદીક્ષા તો લઈ શકો ને !

તમારા વચનો જ્યાં બોલો, જેટલાં બોલો, જેની સાથે બોલો, ત્યારે સામેવાળાને realise થઈ જવું જોઈએ કે, નક્કી આ પ્રભુનો અને ગુરુનો ભક્ત છે. તમારા વચન થકી તમારા પ્રભુ અને ગુરુ માટે જો સામેવાળાને અહોભાવ આવે, તો તમારી વચન દીક્ષા સાર્થક !

તો વચન દીક્ષા માટે, વચન પર control કરવા માટે, સ્વયંની વચન ક્ષમતાને શ્રેષ્ઠ બનાવવા શું કરવું જોઈએ ?

**વચન દીક્ષાના કેટલાંક નિયમો હોય છે, જેને નિષ્ઠાપૂર્વક પાળવાથી તમે હંમેશાં વચનનો સદુપયોગ કરી તમારી વચન ક્ષમતાને શ્રેષ્ઠ બનાવી શકશો.**

• જે bad words બોલતાં હોય, એવી વ્યક્તિથી દૂર રહેવું અને જેમના words યોગ્ય અને સત્યવચન હોય, એવી વ્યક્તિની નજીક વધારે રહેવું.

• T.V. માં જે serial કે web seriesમાં bad words બોલાતા હોય, તે ક્યારેય ન જોવાનો સંકલ્પ કરવો.

• તમારો ઘરમાં શબ્દ વ્યવહાર અલગ હોય, ગુરુ પાસે અલગ હોય, મિત્રો સાથે અલગ હોય, partyમાં અલગ હોય, આ બહુરૂપિયાના natureને change કરવો. દરેક જગ્યાએ, દરેક સ્થાને, દરેક વ્યક્તિ સાથે એક સરખો વિનયપૂર્વકનો વ્યવહાર એ વચનદીક્ષાનો main point છે.

• જ્યારે તમે કોઈ બે વ્યક્તિ મળો ત્યારે ત્રીજી વ્યક્તિની negative વાત ક્યારેય ન કરવી. કરવી હોય તો positive વાત કરવી અથવા એમની કોઈ qualityને appreciate કરવી.

• જ્યારે પણ કોઇને મળીશ કે phoneમાં વાત કરીશ ત્યારે દરેક વાર્તાલાપનો પ્રારંભ જિનેશ્વર ભગવાનના જયથી અને અંત પણ ભગવાનના જયકાર **'જય જિનેન્દ્ર'** બોલીને જ કરીશ.

• તમારી વચન દીક્ષા સમ્યક્ ત્યારે જ કહેવાશે, જ્યારે જાણતાં-અજાણતાં bad words બોલાઈ જાય કે કોઈની નિંદા-ટીકા થઈ જાય, ત્યારે તે જ ક્ષણે તમને ગુરુ યાદ આવી જાય, તમારી વચનદીક્ષા યાદ આવી જાય અને તમારી language ઉપર break લાગી જાય.

• કોઈના engagement વખતે, કોઈના નવા ઘરના વાસ્તુ પ્રસંગે, કોઈપણ પ્રકારની અનુમોદના ન કરવી. વચનદીક્ષાવાળી વ્યક્તિ ક્યારેય પાપ પ્રવૃત્તિની પ્રશંસા ન કરે.

• ક્યારેય શ્રીમંત વ્યક્તિ અને સામાન્ય વ્યક્તિ સાથે ભેદભાવભર્યો વ્યવહાર ન કરવો.

દીક્ષા ક્યારે સફળ થાય ?

જ્યારે શિક્ષા થાય.

જે દિવસે વચનદીક્ષાનું પાલન ન થાય, કોઈ એવા words બોલાઈ જાય, ત્યારે પોતાને self punishment આપવી.

જેમ કે, એકવાર bad word બોલાઈ ગયો છે તો આજે 1 કલાક મૌન રાખીશ. મારાથી કોઈનો disrespect થયો છે તો આજે હું 1 જ દ્રવ્ય વાપરીશ, 1 જ item વાપરીશ, અથવા આજે મને બીજા કોઈ serve કરશે, એટલી અને એ જ item વાપરીશ, સામેથી નહીં માંગુ.

આજે મારો મારા વચન પર control નથી રહ્યો તો આજે હું 1 time ભોજનનો ત્યાગ કરીશ.

તો શું થશે ?

Automatic વચન પર control આવવા લાગશે.

યાદ રાખજો, જ્યારે self control ન રહેતો હોય, ત્યારે self punishment વ્યક્તિને સુધારવા માટે supporter હોય છે.

વચનની શુદ્ધિ થશે, વચન ક્ષમતા શ્રેષ્ઠ થશે, વચનનો સદુપયોગ થશે તો વચનસિદ્ધિ બહુ જલ્દી પ્રાપ્ત થઈ જશે.

**જેનો પોતાના વચન પર CONTROL નહીં,**

**તેનો પોતાના ભવો પર CONTROL નહીં.**




# મારા વચન મારી જવાબદારી

- પરમ ગુરુદેવ

એક વ્યક્તિ જ્યારે સંકલ્પ કરે છે કે, મારે મારા વચનોને સિદ્ધ બનાવવા છે, ત્યારે તેને હર પળ યાદ રાખવાનું હોય છે, 'મારા દરેક વચન મારી જવાબદારી છે.'

કોઈપણ વ્યક્તિ જ્યારે કોઈપણ શબ્દો બોલે છે, ત્યારે બે image સર્જાય છે; એક, આ વ્યક્તિની વાત ક્યારેય ખોટી ન હોય, બીજું, આ વ્યક્તિની વાતનો ક્યારેય ભરોસો ન કરાય.

તમને શું લાગે છે? તમારા વચનો વિશ્વસનીય છે કે અવિશ્વસનીય?

**તમારો દરેક શબ્દ પ્રયોગ, તમારા માટેનો અભિપ્રાય સર્જે છે, માટે જ, તમારા શબ્દો, તમારી જવાબદારી છે!**

એક યુગ હતો... જ્યારે વ્યક્તિ એક કોરા કાગળ પર માત્ર પોતાનું નામ લખીને આપે અને સામેવાળી વ્યક્તિ કરોડો રૂપિયા આપતાં પણ અચકાય નહીં. ન કોઈ contract, ન કોઈ agreement, કેમ કે, ત્યારે paper પર લખવા કરતા બોલાયેલા શબ્દોની value વધારે હતી. એના અંદરમાં એક પણ પ્રકારનો fear ન આવે કે, મારા રૂપિયાનું શું થશે, પાછા આવશે કે નહીં કેમ કે, એક વિશ્વાસ હતો, એક ભરોસો હતો. વ્યક્તિ પોતાના વચનને responsible માનતા હતાં, ગમે તે થાય પણ બોલેલાં વચનને ક્યારેય મિથ્યા ન થવા દેતા, માટે એમના દરેક વચન વિશ્વસનીય જ રહેતા.

**જેના અંતરમાં સત્ય હોય, એના દરેક શબ્દમાં સત્ય હોય, એના દરેક શબ્દોમાં સિદ્ધિ હોય.**

આજે ઘણા કહેતાં હોય કે, આમ તો હું ખોટું બોલતો નથી પણ ક્યારેક પરિવારમાં કે businessમાં નાનકડું અસત્ય બોલવું પડે. બધે સાચું બોલીએ તો loss થઈ જાય.

યાદ રાખજો, દરેક નાનું અસત્ય છેલ્લે મોટું અસત્ય બોલવાનું કારણ બનતું હોય છે. નાના lossથી બચવા બોલાયેલું અસત્ય futureમાં મોટો loss કરાવે છે.જે વ્યક્તિ નાનું-નાનું પણ અસત્ય બોલતી હોય, તેનો ક્યારેય progress ન થાય.

માટે જ, અમારી તમને પ્રેરણા છે, ભલે કોઈ મોટું તપ ન કરી શકો, ભલે દાન કે સેવા ન કરી શકો, પણ ક્યારેય નાનકડું પણ અસત્ય બોલવું નહીં, એ પણ એક પ્રકારનો ધર્મ છે.

સત્ય બોલવાથી કદાચ આજે થોડો loss થશે પણ long time માટે benefit થશે. કેમ કે, તમારા ઉપર બધાંને એક વિશ્વાસ આવી જશે, તમારા ઉપર ભરોસો થવા લાગશે.

**તમારા વચનને તમારી જવાબદારી માની, એને વિશ્વસનીય બનાવવા કે અવિશ્વસનીય એ તમારા હાથમાં હોય છે.**

**વિશ્વસનીય વચન, વચનસિદ્ધિ અપાવે છે.**

# ગિરનાર પારસધામમાં નિ:શુલ્ક પશુ શસ્ત્રક્રિયા કેમ્પમાં 100થી વધુ રોગગ્રસ્ત અબોલ પશુઓ પામ્યા રોગ અને વેદનાથી મુક્તિ



## પરમની પ્રેરણાએ પીડામુક્તિ:

પરમ ગુરુદેવની પ્રેરણાથી Arham Yuva Seva Group દ્વારા પારસધામ ગિરનારના ઉપક્રમે પશુપાલન શાખા -ગુજરાત સરકારના સહયોગે 4th અને 5th October, 2025 બે દિવસ માટે આયોજિત કરવામાં આવેલા આ શસ્ત્રક્રિયા campમાં જૂનાગઢ, અમરેલી, પોરબંદર, ગીર, સોમનાથ, માળિયા, માંગરોળ, કેશોદ, વંથલી, ભેંસાણ, વેરાવળ આદિ ક્ષેત્રોથી અગાઉથી register કરાવીને અંડાશયના રોગ, શિંગડાંના cancer, તણછ રોગ, હર્નીયા, સ્તન cancer, રસોડી-ગાંઠ, પગના tumor, જેવા પીડાકારી રોગોથી રિબાતી ગાયો, ભેંસો, વાછરડાંઓ, શ્વાન જેવા પ્રાણીઓને લાવી તેમની અત્યંત જટિલ શસ્ત્રક્રિયા સફળતાપૂર્વક પાર પાડવામાં આવી હતી.

## ઉદ્ઘાટન:

**જૂનાગઢના M.L.A. શ્રી સંજયભાઈ કોરડીયા તેમજ જૂનાગઢ જિલ્લા કમિશનર શ્રી તેજસભાઈ પરમાર**ના હસ્તે આ campનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

## શાતાકારી અદ્યતન સુવિધાઓ:

ઉલ્લેખનીય છે કે સૌરાષ્ટ્રના 12 જિલ્લાના પશુપાલન વિભાગના અધિકારીઓ Dr. શ્રી ભરતસિંહ ગોહિલ સાહેબ - વિભાગીય સંયુક્ત પશુપાલન નિયામક - રાજકોટ, Dr. શ્રી દિલીપભાઈ પાનેરા - નાયબ પશુપાલન નિયામક, જિલ્લા પંચાયત - રાજકોટ આદિ અનેક અધિકારીઓ, કર્મચારીઓ અને પશુધન નિરીક્ષકો તેમજ







**200થી વધુ Doctorsએ કરી નિસ્વાર્થ સેવા**

200થી વધુ નિષ્ણાંત Doctors અને Surgeonsની team દ્વારા બે દિવસમાં operations, ઉપચાર અને યોગ્ય સારવાર દ્વારા અબોલ જીવોને શાતા-સમાધિ પમાડવામાં આવી હતી.

વિશેષમાં ગિરનારમાં પરમ ગુરુદેવના સાંનિધ્યે જે સ્થાનમાં પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ, માનવતા મહોત્સવ જેવા ભવ્યાતિભવ્ય કાર્યક્રમ યોજાયા હતા તે જ સ્થાન - પ્રભુનેમ

દરબારના વિશાળ શામિયાણામાં આવનાર બીમાર પશુઓને જરીક પણ અશાતા ન ઉપજે તેવા સંપૂર્ણ વાતાનુકુલિત ડોમના શાતાકારી વાતાવરણમાં ઊભા કરવામાં આવેલા ઓપરેશન વિભાગમાં એમની શસ્ત્રક્રિયા મોટા મોટા X-Ray machine, Pathology lab, દવાઓની તાત્કાલિક જરૂરિયાતોને પૂરી પાડતાં Pharmacy lab અને પશુઓને લાવવા-લઈ જવા માટે Hydraulic trolley જેવી અદ્યતન સુવિધાઓથી સજ્જ બહોળા આયોજન સાથે local anaesthesia, scrubbing જેવા surgical protocolsને follow કરીને એમની શસ્ત્રક્રિયા કરવામાં આવી હતી.

સામાન્ય રીતે મોટી કાયા ધરાવતા પશુઓના operation માટી, કાંકરાયુક્ત ખુલ્લી જમીન પર કરતાં તે કાંકરા આદિ પદાર્થો પશુઓના શરીરમાં જતા તેમને pus થઈ જતું હોય છે અને એ pusમાંથી મોટી મોટી ગાંઠ થઈ જતી હોય છે. આવી કોઈ સમસ્યા ઊભી ન થાય તે માટે આ campમાં અર્હમ્ યુવા સેવા group તરફથી દરેક પશુ માટે મોટા મોટા animal beds, આદિની સંપૂર્ણ hygienic વ્યવસ્થા અને operation પછી પણ પશુ માટે જરૂરી એવી આઠ દિવસની દવા pharmacy, એના આહાર-પાણી આદિની સુયોગ્ય વ્યવસ્થા કરવામાં આવતા પશુપાલન વિભાગના શ્રી ભરતસિંહ ગોહિલ સાહેબે પરમ ગુરુદેવ પ્રત્યે અહોભાવ વ્યક્ત કરતાં કહ્યું હતું કે, **'ગુજરાતમાં આજ સુધી યોજાએલા અનેક પશુ શસ્ત્રક્રિયા campમાંથી આ પહેલો એવો અભૂતપૂર્વ camp**



**છે, જેમાં 100થી વધુ પશુઓની સફળ શસ્ત્રક્રિયાઓ કરવામાં આવી છે અને એ પણ અગાઉ ક્યારેય જોવામાં ન આવેલી એવી શાંતિપૂર્ણ, Hygienic અને આધુનિક સુવિધાઓ સાથે આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.'**

## વંદનીય સેવા:

અબોલ પશુઓ પ્રત્યેની કરુણા ભાવના સાથે સ્વયં રાષ્ટ્રસંત પરમ ગુરુદેવે બે દિવસ કલાકો સુધી campમાં પધારીને, એક-એક પશુની સમીપ જઈને તેમને મંત્રોચ્ચાર અને શુભ ભાવના દ્વારા શાતા પમાડતાં સહુ વંદિત બન્યાં હતાં. બે દિવસના આ campમાં સવારના 08.00થી રાત્રિના 08.00 કલાક સતત બાર-બાર કલાક સુધી ખડે પગે રહીને રાજકોટ અને મુંબઈના અર્હમ્ યુવા સેવા ગ્રુપના અનેક સેવાભાવી ભાવિકો સાથે સૌરાષ્ટ્રની 25થી વધુ ગૌશાળાના ગૌસેવકોએ મહેનત-જહેમત કરીને પ્રશંસનીય સેવા બજાવી હતી.




**રાજકોટ અને મુંબઈના અર્હમ યુવા સેવા ગ્રુપના સેવાભાવી ભાવિકો**



પરમ ગુરુદેવના આશીર્વાદ પામી ધન્ય બન્યા Doctors અને તેમની team



# ...એક આવી દિવાળી...

જેમ જેમ દિવાળીના દિવસો નજીક આવતાં ગયાં, તેમ તેમ સહુના હૃદયમાં ઉલ્લાસ અને ઉમંગના દીપકો પ્રજ્વલિત થવા લાગ્યાં. ઘરે ઘરે રંગબેરંગી અને કલાત્મક રંગોળીની રચના થવા લાગી. સહુના ચહેરા પર ખુશી છલકાઈ રહી હતી... ત્યારે 'सर्व जीव मम जीव सम्' ના ભાવ જેમના હર એક શ્વાસમાં છે, એવા રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના visionમાં આવે છે, આદિવાસી ગામના લોકોની આંખોની વેદના... સાધર્મિક પરિવારોના ચહેરા પરની મજબૂરી અને અબોલ જીવોની ભૂખની પીડા ! !

એ સહુના જીવનમાં પણ ખુશીઓના દીપક પ્રગટાવવા અને પ્રસન્નતાની રંગોળી રચવા પરમ ગુરુદેવે એક પછી એક પ્રેરણા પ્રદાન કરી અને આ દિવાળી બની ગઈ **'સુકૃતની દિવાળી'** !

**શબ્દો અમારા શાતા હજારો અબોલ જીવોને !**

**હજારો અબોલ જીવો અને જરૂરીયાતમંદોના ચહેરા પર રચાણી પ્રસન્નતાની રંગોળી અને હજારો હૃદયમાં પ્રજ્વલિત થયાં ખુશીઓના અનેક દીપકો !**

**પ્રેરણા અમારી પ્રસન્નતા હજારો હૃદયમાં**

## સ્વાસ્થ્યવર્ધક ઘાસચારો

મહારાષ્ટ્રમાં વરસેલા અનરાધાર વરસાદના કારણે સડી ગયેલાં ઘાસચારાના કારણે ભૂખથી ટળવળતાં હજારો પશુઓની પીડાને શાંત કરવા પરમ ગુરુદેવે પ્રેરણા આપી, **માત્ર ઘાસચારાની નહીં પણ એ સૂકા ઘાસમાં ગોળનું પાણી અને આયુર્વેદિક ઔષધિઓ ભેળવી સ્વાસ્થ્યવર્ધક અને લાંબો સમય fresh રહે એવા સાત્વિક ઘાસચારા**ની અને વિદર્ભના ક્ષેત્રોથી અનેક ટન ઘાસ ભરેલી ટ્રકો પહોંચી ગઈ મહારાષ્ટ્રના એક-એક નાના ગામડાઓમાં અને અબોલ જીવોને આહાર સાથે શક્તિ પ્રાપ્ત થયાં !



આયુર્વેદિક ઔષધિ મીશ્રિત ઘાસચારાના bundles

**"મને જેવું ગમે, એવું જ અન્યને અર્પણ કરવું !"**



## ગૌ ભોજન પાત્ર અર્પણમ

માટી અને કાંકરાવાળા ઘાસ આદિનો આહાર કરતાં પશુઓને થતી પીડાથી અનુકંપિત પરમ ગુરુદેવે પ્રેરણા કરી... **એ અબોલ જીવો માટે steelના થાળ**ની અને તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મહારાજ સાહેબની 113મી જન્મ સ્મૃતિ અવસરે, દિવાળીના શુભ દિવસે એમને અત્યંત પ્રિય એવી ગાયો માટે **સૌરાષ્ટ્રના અનેક ગૌશાળાઓ અને પાંજરાપોળોમાં** પહોંચી ગયા **113થી પણ વધુ steelના ભોજન પાત્ર !**

પશુઓને હવે આહાર, ગોળનું પાણી, કેરીનો રસ, બધું જ મળશે સન્માન સાથેના steelના પાત્રમાં !













## આનંદનો અહેસાસ કર્યો, પ્રજ્ઞાચક્ષુઓએ !

'ભલે આંખો ન હોય પણ આનંદનો અહેસાસ કરવાનો અધિકાર તો તેમને પણ હોય', એવી સદ્‌ભાવના સાથે પરમ ગુરુદેવે પ્રેરણા કરી... **પ્રજ્ઞાચક્ષુઓની પ્રસન્નતા**ની અને ઘાટકોપરમાં એક સાથે **4100 પ્રજ્ઞાચક્ષુ પરિવારો**ને મિષ્ટ ભોજન કરાવી અત્યંત અહોભાવ સાથે અર્પણ કરવામાં આવી અનેક આનંદપ્રદાયક આવશ્યક વસ્તુઓ, નાસ્તો અને મીઠાઈઓ !









# શાતાકારી તાત્કાલિક સારવાર - Arham Animal Ambulances

ઘાયલ, બીમાર અને અશાતાથી ત્રસ્ત અબોલ જીવોની મૂક વેદનાને અનુભવનારા કરુણા નિધાન પરમ ગુરુદેવે પ્રેરણા કરી હતી Arham Animal Ambulanceની અને છેલ્લાં બે વર્ષમાં વિવિધ ક્ષેત્રોમાં ફરતી 26થી વધુ Ambulances દ્વારા 1,19,000 જેટલાં પશુ-પક્ષીઓને સમયસર Treatment આપી શાતા પમાડવાના સફળ પ્રયાસ બાદ **શુભારંભ થયો મહાનગર દિલ્હી, નાગપુર, કચ્છ-માંડવી, ગોંડલ, ભાવનગર, વડોદરા, વેરાવળ અને માળિયા હાટિના જેવા** નાનકડાં ગામમાં **Arham Animal Ambulancesનો !**

## • લોકાર્પણ કરતાં અગ્રણી મહાનુભાવો •



1. દિલ્હી



2. ગોંડલ


3. નાગપુર



4. વેરાવળ


5. ભાવનગર

1. દિલ્હી સરકારનાં માનનીય મંત્રી શ્રી કપિલજી મિશ્રા, પ્રદેશ મંત્રી શ્રી સારિકાજી જૈન, શ્રી અશોકજી ગોએલ, શ્રી રેનુજી અગ્રવાલ આદિ
2. ગોંડલ સ્ટેટના રાજવી પરિવારનાં કુમાર સાહેબ શ્રી જ્યોતિર્મય સિંહજી જાડેજા આદિ અને શ્રી સંઘના પદાધિકારીઓ
3. નાગપુર શહેરમાં મહારાષ્ટ્ર રાજ્યના મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્રજી ફડણવીસ, શ્રી નિધિબેન કામદાર આદિ
4. જુનાગઢ સંઘના શ્રી સુરેશભાઇ કામદાર, શ્રી વજુ લાલભાઈ દામાણી અને વેરાવળ શ્રીસંઘના પદાધિકારીઓ
5. ભાવનગરના MLA શ્રી જીતુભાઇ વાઘાણી, મેયર શ્રી ભરતભાઇ બારડ, ભાજપના શહેર અધ્યક્ષ શ્રી કુમારભાઇ શાહ, પ્રમુખ શ્રી પ્રકાશભાઇ ચોરસીયા, શ્રી સંજયભાઇ ઠાર, corporator શ્રી ભાવેશભાઇ મોદી, તકતેશ્વર વોર્ડના પ્રમુખ શ્રી હાર્દિકભાઇ મકવાણા આદિ એવમ્ AYSGના ભાવિકો










## આત્મનિર્ભરતાનો આનંદ - માલિકીની રિક્ષા !

પરાધીનતા વ્યક્તિને કેવી પાંગળી બનાવી દે છે તે વેદના જોઈ અને પરમ ગુરુદેવે ભાડાની રિક્ષા ચલાવનાર રિક્ષાચાલકોની કથા સાંભળી અને એમણે પ્રેરણા કરી... આત્મનિર્ભરતાનો આનંદ અર્પણ કરવાની ! છેલ્લા બે વર્ષમાં ભારતના વિવિધ ક્ષેત્રોમાં 400થી વધુ રિક્ષા અર્પણ કર્યા બાદ **આ દિવાળીમાં ભાવનગર અને સુરેન્દ્રનગરમાં બીજી 23 રિક્ષા અર્પણ કરી** એમના જીવનમાં ખુશીઓના દિપક પ્રગટાવવામાં આવ્યા હતાં.







### પદાર્થ જે પ્રસન્નતા આપી ન શકે તે પ્રસન્નતા પરમાર્થ આપે !



# Mallમાંથી મેળવ્યું મનગમતું

આજ સુધી આપવાવાળાની ઈચ્છા પ્રમાણે મેળવનારા સાધર્મિક પરિવારો અને જરૂરિયાતમંદો, પોતાની ઈચ્છા પ્રમાણે પોતાને મનગમતું અને પોતાની જરૂરિયાતનું મેળવી શકે એવી caring ભાવના સાથે દીર્ઘદૃષ્ટા પરમ ગુરુદેવે પ્રેરણા કરી... **Mallમાંથી મનગમતું અપાવવાની** અને વિવિધ ક્ષેત્રોના હજારો ભાવિકોના ચહેરા પર રચાઈ ગઈ પ્રસન્નતાની નયનરમ્ય રંગોળી !


1. પારસધામ ગિરનાર


2


3


4


5

"સત્કાર્યોની કોઈ સીમા ન હોય !"

1-2. **પારસધામ ગિરનાર - જુનાગઢ**માં પધારેલાં deaf and dumb બાળકોને લાભ મળ્યો પરમ ગુરુદેવના દર્શનનો, આશીર્વાદનો અને Reliance Mallમાંથી પોતાની પસંદગીની વિવિધ વસ્તુઓ પ્રાપ્ત કરવાનો !

3. **પારસધામ ગિરનાર - જુનાગઢ**માં સૌરાષ્ટ્રના 1200થી વધુ સાધર્મિક પરિવારોને લાભ મળ્યો પરમ ગુરુદેવના સાંનિધ્યનો, પ્રભુવચનોના શ્રવણનો, Special ભોજનનો અને mallમાંથી ₹5000નું મનગમતી ખરીદી કરવાનો !

4. **પારસધામ કોલકત્તામાં** અનેક પરિવારોએ કરી mallમાંથી ₹5000ની ખરીદી !

5. **રાજકોટના** સામાન્ય સાધર્મિક પરિવારોએ કરી, mallમાંથી ₹10,000ની મનપસંદની ખરીદી !







**પારસધામ ઘાટકોપરમાં શાહપુરની શાળાના 200થી વધુ બાળકોએ ફટાકડા ન ફોડવાની પ્રેરણા સાથે ₹ 2000થી પોતાની મનપસંદ વસ્તુઓની ખરીદી કરી !**

## દિવ્યાંગોના જીવનમાં સન્માનનો આનંદ



સ્વયંની વિકટ સ્થિતિના કારણે ઓશિયાળી જીંદગી જીવી રહેલાં દિવ્યાંગ ભાવિકો પણ Self Respectવાળી જીંદગી જીવી શકે એવી શુભ ભાવના સાથે **અમદાવાદ અંધજન મંડળ અને સાંપ્રત ચેરીટેબલ ટ્રસ્ટ** દ્વારા **વેરાવળ શહેર** તથા આસપાસના 55 દિવ્યાંગ ભાવિકોને **Self Employment Kit - સિલાઇ મશીન, Electric Equipments, Plumber Kit, Agricultural Equipments** અર્પણ કરવામાં આવ્યાં, જેથી તેઓ સન્માન સાથે જીવી શકે !

## Fun Cityમાં બાળકોએ અનુભવ્યો funનો આનંદ

Fun City, amusing park, આદિ બાળકોને પ્રિય centersની બહાર તરસી આંખોએ ઉભેલા બાળકોને પણ enjoy કરવાનું મન તો થાય ને... એ ઋજુ વિચારધારાને પ્રગટ કરતાં પરમ ગુરુદેવે પ્રેરણા કરી...આવા અનેક બાળકોને fun કરાવવાની... અને સેંકડો બાળકોના ચહેરા પર છલકાઈ ગયો આનંદનો મહાસાગર !

એ આદિવાસી બાળકોને આનંદ સાથે ભાવતું ભોજન કરાવી અને lifeને change કરતી અહિંસાના સંસ્કાર આપતી, ક્યારેય non veg ન ખાવાના ત્યાગની પ્રેરણા કરતાં, દરેક બાળકોએ આજીવન non veg ન ખાવાની પ્રતિજ્ઞા કરી !

## દિવાળી હોય એટલે મિઠાઇ તો હોય જ !!

સંસારમાં દિવાળી પર્વ નિમિતે સ્વજન, સ્નેહીજનો અને મિત્રો સાથે મિઠાઈના boxનું આદાન-પ્રદાન નિહાળી શુભચિંતક પરમ ગુરુદેવે પ્રેરણા કરી...

**અજાણ્યાને અર્પણ કરો અને એમના smileનો અહેસાસ કરો !**





પરમ ગુરુદેવની આ શુભ પ્રેરણાને ઝીલી સમસ્ત ભારતના વિવિધ ક્ષેત્રોના અનાથાશ્રમ, બાલાશ્રમ, વૃદ્ધાશ્રમ, slum Area, મજૂરો, આદિવાસીઓ, civil hospital, લેપ્રસી colony, શાળાઓ, security guards, ફેરિયાઓ, રાહદારીઓ આદિ હજારો હજારો ભાવિકોને મિઠાઈના boxes, ઠંડી શીતળ છાશ, શરબત આદિ અર્પણ કરવામાં આવ્યાં અને.. અબોલ પશુઓને હજારો કિલો લાડવા દ્વારા મીઠા મોઢાં કરાવવામાં આવ્યાં !

# વચનશુદ્ધિના પ્રયોગો..

- પરમ ગુરુદેવ



**1** હું જ્યારે પણ બોલીશ, મારું **volume low** રાખીશ અને મારો **voice polite** રાખીશ.



**2** હું ચાહે નાના હોય, ચાહે મોટા, દરેકને ભાઈ/બહેન કહીને જ બોલાવીશ. ‘દેવાનુપ્રિય’ કહીને સંબોધન કરીશ.



**3** હું જેની પણ સાથે વાત કરીશ, ‘જી’ થી શરૂઆત કરીશ.



**4** મારી **daily language**માં મારાથી જે અયોગ્ય **words use** થાય છે, એનું ગુરુ સમક્ષ **confession** કરી, ફરી ન બોલાય એવો પુરુષાર્થ કરીશ.



**5** હું જ્યારે **free** થઈશ, ત્યારે સૌથી વધારે ‘શુભ થાઓ આ સકલ વિશ્વનું’ ! આ શુભ ભાવોનું રટણ કરીશ.



**6** હું કોઈપણ એવા વચનો નહીં બોલું, જેથી સામેવાળી વ્યક્તિમાં ભય આવી જાય.



**7** રાત્રે સૂતાં પહેલાં પ્રભુને પ્રાર્થના કરીશ.. હે પ્રભુ ! આખા દિવસમાં મારાથી જાણતા-અજાણતા જે અયોગ્ય વચનો બોલાયા હોય, તે માટે હૃદયથી તસ્સ મિચ્છામિ દુક્કડમ્ !



# મારું આત્મ પ્રાયશ્ચિત!

હે પરમાત્મા !
જાણતા-અજાણતા
pastના અનંત ભવોમાં
અને આ ભવની આ ક્ષણ સુધી
મારાથી જે નિશ્ચયકારી, પીડાકારી,
સાવધકારી, કર્કશકારી અને કોઈને
hurt કરનારી, કોઈપણ પ્રકારની ભાષાનો
પ્રયોગ થયો હોય, મારા અજ્ઞાનના કારણે
જે અયોગ્ય wordsનું ઉચ્ચારણ થયું હોય
અને જે પાપ-દોષ લાગ્યા હોય, તેનું
હે અરિહંત પરમાત્મા ! આત્મસાક્ષીએ
**તસ્સ મિચ્છામિ દુક્કડમ્!**

Registered with Registrar of Newspapers under RNI NO. MAHGUJ/2008/37878
Postal Registration No. MCN/94/2023-2025 Published on 5th of every month
Licensed to post without prepayment, WPP license No. MR/Tech/WPP-157/North/2023-2025
JAIN KRANTI - Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-1. Posting date 5/6-11-2025

HURT
SUGGESTION
EGO

હું બીજાની સફળતા જોઈ અંદરથી કેમ બળું છું ?

CONTROL મને આટલો ગુસ્સો કેમ આવે છે ? ?

કોઈનું એક suggestion મારા egoને આટલું hurt કેમ કરે છે ?

હું મારા kidsને control કરી શકું છું, officeમાં staffને handle કરી શકું છું

ANGER પણ એક માત્ર મારી selfને કેમ control નથી કરી શકતો ?

બધા જ અને બધુ જ હોવા છતાં મને શાંતિ કેમ નથી અનુભવાતી ? SELF





## અનેક પ્રશ્નોના જવાબ એક

**પારસધામ ગિરનારના આંગણે**

**રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ પ્રેરિત**

# EMOTIONAL WAVE

## The Exhibition Of Solution



આજના ઝડપી જીવનમાં જ્યારે માનવ મન સતત તણાવ, વ્યસ્તતા અને ઊંડી લાગણીઓથી ઘેરાય છે, ત્યારે મનને શાંત અને સકારાત્મક દિશામાં વહેતા કરવાનો એક અનોખો પ્રયાસ છે **Emotional Wave Exhibition** આ પ્રદર્શનમાં શાસ્ત્રોકત ઉપાયોને આધુનિક ટેક્નોલોજી જેમ કે **3D Sound Immersion, Intelligent Light Mapping,** અને **Spatial Audio-Visual Effects** દ્વારા જીવંત અને સ્પર્શાત્મક રીતે રજૂ કરવામાં આવ્યા છે. આજ સુધી દરેક વર્ગ અને વયના, દરેક જ્ઞાતિના અનેકાનેક ધર્મની સંસ્થાઓના ભાવિકો, ભારતના વિવિધ ક્ષેત્રોની અનેક **schools & colleges**ના **students,** અગ્રણી મહાનુભાવો, શ્રેષ્ઠીવર્યો, ગિરનાર ભૂમિના દર્શન માટે આવતા યાત્રિકો એ અહીં મુલાકાત લઈ પોતાના મનના પ્રશ્નોનું સમાધાન મેળવ્યું છે.

PARASDHAM

**પારસધામ,**
**રૂપાયતન રોડ,**
**ગિરનાર, જૂનાગઢ.**



**For Special Group Visit Booking N Enquiries**

Please Contact On : +91 84606 50534

**TIMINGS**

**MONDAY TO FRIDAY**
11:15am to 07:00pm

**SATURAY & SUNDAY SLOT TIMINGS**
10:00am | 11:30am | 02:00pm
03:30pm| 04:00pm | 07:00pm

Printed & Published by : Deepak K. Bhayani on behalf of Jain Kranti, Chandresh Bhavan, Rambaug, Nr. Hotel Highway Residence, Chakala Marg, Andheri (E), Mumbai - 400 069.
Printed at : Arihant Printing Press, B/4, 310, Trikal Bldg., Pant Nagar, Ghatkopar (E), Mumbai - 400 075, Maharashtra.
Edited by : Deepak K. Bhayani, Chandresh Bhavan, Rambaug, Nr. Hotel Highway Residence, Chakala Marg, Andheri (E), Mumbai - 400 069.